


સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 40 । AD - 2026, Aso sud-00 । Monday, Dt. 09-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

પીએમ મોદીએ બસ્તરમાં સુરક્ષા દળોના જવાનો વચ્ચે દિવાળી પર્વની કરી ઉજવણી

બસ્તર,તા.૦૮



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળીનાં પવિત્ર પર્વ પર છત્તીસગઢના બસ્તર જિલ્લામાં કરણપુર સ્થિત કોબ્રા ઓપરેશન્સ બેઝ ખાતે સુરક્ષા દળોના જવાનો વચ્ચે પહોંચીને ઉજવણી કરી હતી.

સૈનિકોને દેશનો અસલી પરિવાર ગણાવતા પીએમ મોદીએ જણાવ્યું કે દાયકાઓ સુધી ચાલેલી લડાઈ બાદ આ પહેલી દિવાળી છે જ્યારે દેશનો દરેક જિલ્લો નક્સલ મુક્ત બન્યો છે.

તેમણે કહ્યું કે જવાનોના અપ્રતિમ ત્યાગ, બલિદાન અને સમર્પણને કારણે જ ભયના વાતાવરણમાંથી મુક્તિ મળી છે અને બસ્તરમાં શાંતિ તથા વિકાસનો નવો યુગ શરૂ થયો છે. આંતરિક સુરક્ષાનું મહત્ત્વ સમજાવતા તેમણે નક્સલવાદનો ભલે નાશ થયો હોય, પરંતુ વૈચારિક કે 'દિમાગી નક્સલવાદીઓ'નો ખતરો હજુય યથાવત છે. આવા તત્વો વિવિધ સંગઠનોમાં ઘૂસીને બંધારણ અને લોકશાહી વિરુધ્ધ લોકોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અગાઉની સરકારોની નીતિઓ પર આકરા પ્રહાર કરતાં તેમણે ઉમેર્યું કે ૨૦૦૪ થી ૨૦૧૩ દરમિયાન દર વર્ષે નક્સલીઓ કરતાં આપણા વધુ વીર સૈનિકો શહીદ થતા હતા. તેમણે દેશવાસીઓ તરફથી સુરક્ષા દળોની અવિરત સેવાઓ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આઇટીબીપી, સીઆરપીએફ, બીએસએફ, એસએસબી અને બસ્તર ફાઇટર્સ જેવાં દળોની કામગીરીની પ્રશંસા કરી હતી.

જોકે, વડાપ્રધાને ચેતવણી આપતાં જણાવ્યું કે સશસ્ત્ર

નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નીવડે અને આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ.

ADITYA BIRLA

UltraTech

:: શુભેચ્છક ::

અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડ
ગુજરાત સિમેન્ટ વર્કસ
કોવાયા

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

WELL - FABS
ENGINEERING CONTRACTORS
C/o.UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya. Ta. Rajula, Dist : Amreli. (Gujarat)
E-Mail : wellfabskovaya@gmail.com

નૂતન વર્ષાભિનંદન
શુભ દીપાવલી
ABAK CONSTRUCTIONS
ENGINEERING & CONTRACTORS
C/o.UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya. Ta. Rajula, Dist : Amreli. (Gujarat)

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન
આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું
નવું વર્ષ સર્વોને સુખદાયી નીવડે
અને આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે
અને નૂતન વર્ષ આપના માટે
મંગલમય રહે એવી શુભકામનાઓ.
QUALITY CONSTRUCTION CO.
C/o.UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya. Ta. Rajula, Dist : Amreli. (Gujarat)
Ph.no. (02794) 283586, Fax no. (02794) 283961
E-mail : qualitygcw@rediffmail.com

નૂતન વર્ષાભિનંદન
યહ દીપો કા પર્વ હૈ, ઈસકા સુનહરા અર્થ હૈ,
મન પર કા અંધેરા ન મિટ સકે તો દીપ જલાના વ્યર્થ હૈ...
દીપાવલી એવમ્ નૂતન વર્ષ કી ઢેર સારી શુભકામનાએ...
7 S 7
Sitaram Suppliers
Authorised Transporters and all Types Of Materials Suppliers
At. Kovaya, Tal. Rajula-365560, Dist. Amreli. (Guj.)
Umeshbhai B. Lakhanotra
Ultra tech Cement Ltd. Kovaya
(Mob.) 9737979777 Office No. 9574377277
Email:sitaramsuppliers.9797@gmail.com

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન
દિવાળીનો પ્રકાશ તમારા જીવનને તેજસ્વી બનાવે અને રંગોળી તેમા વધુ રંગોનો ઉમેરો કરે
આપ સર્વને દિવાળી તેમજ નૂતન વર્ષની હાર્દિક શુભકામના
A ONE ENGINEERRING
OPERATION & MAINTENANCE CONTRACTORS
:: Work Site Office ::
NEAR MAIN GATE. C/o. ULTRA TECH
CEMENT LTD. GCW-KOVAYA, DIST.AMRELI (GUJARAT)
C/o.UTCL Gujarat Cement Works - Kovaya
Post Kovaya, Tal.Rajula, Dist.AMRELI (GUJARAT)
ABDULLBHAI NARPALI Mo.99041 45742
KALUBHAI LAKHANOTRA Mo.96240 42438
aoneeng.01@gmail.com

નૂતન વર્ષાભિનંદન શુભ દીપાવલી
દિનો દિન બઢતા જાયે આપકા કારોબાર, પરિવાર મેં બના રહે સ્નેહ ઔર પ્યાર,
હોતી રહે સદા અપાર ધન કી બૌછાર, ઐસા હો આપકા દીપાવલી કા ત્યોહાર...
દીપાવલી એવમ્ નૂતન વર્ષ કી ઢેર સારી શુભકામનાએ...
M/S. RAVINDRA PRABHU
Civil & Maintenance Contractor
Work office : Behind Township Maintenance office
C/o.UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya. Ta. Rajula, Dist : Amreli. (Gujarat)
Mo.no.+912794-283314, E-mail : rpcivilgcw@gmail.com

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન
PARTH
FURNITURE
ALL KIND OF WOODEN & ALUMINIUM WORK
PARESHBHAI : MO. NO. 99040 61021
work Site Office
Girls School No.3, Mahuva Road, Rajula City
C/o. UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya, Tal : Rajula, Dist : Amreli (Gujarat)

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન
Shashi Catering Services Private Limited
201, Alaknanda Commercial Complex,
Opp. Petrol Pump,
Mujmahuda, Vadodara - 390 020
GSTIN/UIN: 24AAZCS8659R1ZT
State Name : Gujarat, Code : 24
E-Mail : shashicateringpvtltd@yahoo.com

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન
દીપોનો આ પાવન તહેવાર, આપને માટે લાવે ખુશીઓ હજાર,
લક્ષ્મીજી વિરાજે આપને દ્વાર, અમારી શુભકામનાઓ કરો સ્વીકાર..
દિવાળીની શુભકાનાઓ...
જાગૃતિ રબ્બર એન્ટરપ્રાઈઝ
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની - કોવાયા
શ્રી જગદીશભાઈ પટેલ
મો. ૯૮૭૯૮ ૪૭૩૧૦
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની - કોવાયા
મુ. કોવાયા, તા. રાજુલા, જિ. અમરેલી

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૦૯-૧૧-૨૦૨૬

સાવરકુંડલામાં સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરી મહેશ કસવાલાએ 'વોકલ ફોર લોકલ'નો સંદેશ આપ્યો

સાવરકુંડલા, તા. ૦૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને સાકાર કરવા સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશ કસવાલાએ સ્થાનિક બજારને પ્રોત્સાહન આપવા અનોખી પહેલ કરી હતી. તેમણે સાવરકુંડલા શહેરની વિવિધ સ્થાનિક દુકાનોની મુલાકાત લઈ નાના વેપારીઓ પાસેથી વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી હતી. આ પ્રસંગે શહેર



ભાજપ પ્રમુખ અનિરુધ્ધસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા સહિત ટીમ સાવરકુંડલાના સભ્યો પણ જોડાયા હતા. આ પહેલના માધ્યમથી સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવાનો અને નાગરિકોમાં સ્થાનિક બજારમાંથી ખરીદી કરવાની ભાવના કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ધારાસભ્ય મહેશ કસવાલાએ નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, તહેવારો દરમિયાન તેમજ રોજિંદી ખરીદીમાં સ્થાનિક વેપારીઓને પ્રાથમિકતા આપવી જોઈએ. સ્થાનિક દુકાનોમાંથી ખરીદી કરવાથી નાના વેપારીઓના વ્યવસાયને વેગ મળશે અને અનેક પરિવારોની આજીવિકા મજબૂત બનશે. સ્થાનિક વેપારીઓને સહયોગ આપવો એ શહેરના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભાગીદારી છે.

અમરેલી પોક્સો કોર્ટ દ્વારા પોલીસકર્મી રવિરાજસિંહ ચૌહાણને ૨૦ વર્ષની કેદ અને રૂ. ૪ લાખ નાવળતરનો આદેશ

અમરેલી,તા.૦૮

અમરેલીની સ્પેશિયલ પોક્સો અદાલતે ૧૪ વર્ષની માસુમ સગીરા પર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં આરોપી પોલીસકર્મી રવિરાજસિંહ ચૌહાણને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી છે. આ ઉપરાંત અદાલતે પિડીત સગીરાને આર્થિક સહાય તરીકે ૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ મહત્વપૂર્ણ આદેશ કર્યો છે.આરોપી રવિરાજસિંહ ચૌહાણ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો અને તે મૂળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના દેવગાણા ગામનો વતની છે. તેણે સ્નેપચેટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફતે સગીરા સાથે સંપર્ક કેળવ્યો હતો. ત્યારબાદ તેણે સગીરા અને તેની માતાને હેરાન કરવાની ધમકીઓ આપી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું.આ બનાવ અંગે ૨૯ મે ૨૦૨૫ના રોજ બાબરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો



હતો. મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.આર. સરવૈયાએ કેસની ત્વરિત અને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને કોર્ટમાં મજબૂત પુરાવા સાથે ચાર્જશીટ રજૂ કરી હતી.કેસની સુનાવણી દરમિયાન સ્પેશિયલ પોક્સો અદાલતમાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીએ સચોટ અને મજબૂત દલીલો કરી હતી. કોર્ટે તમામ પુરાવાઓ, સાક્ષીઓની જુબાની અને ધારદાર દલીલોને ધ્યાને રાખી રવિરાજસિંહ ચૌહાણને વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે તેને ૨૦ વર્ષની સખત કેદ તથા દંડની સજા સંભળાવીને તમામ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કર્યો છે.

જાનબાઈ દેરડી તથા હીરાણા ગામના પાટીયા વચ્ચે સફરજન ભરેલો ટ્રક પલટી ગયો

સવા બે લાખના સફરજનનું નુકસાન

લાઠી,તા.૦૮

લાઠીના જાનબાઈ દેરડી તથા હીરાણા ગામના પાટીયા વચ્ચે સફરજન ભરેલો ટ્રક પલટી જતાં રૂ. સવા બે લાખના સફરજનનું નુકસાન થયું હતું. આ અંગે ફીરોજભાઈ કાળુભાઈ લોહિયા (ઉ.વ.૩૮)એ કાળા રંગની ટાટા હેરિયર ફોરવ્હીલ ગાડીના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ અમરેલીના હનીફમિયાં કાદરમિયાં બારેવાલાનું અશોક લેલેન્ડ 'બડા દોસ્ત' માલવાહક વાહન લઈને બોટાદ મુકામે અમરેલીના શાકીરભાઈ ઓસમાણભાઈ નાગાણીના સફરજન ભરવા માટે ગયા હતા. બોટાદ મુકામેથી સફરજન ભરીને પરત આવતા હતા તે દરમિયાન જાનબાઈ દેરડી અને હીરાણા ગામના પાટીયા વચ્ચે વળાંકથી થોડે આગળ પહોંચતાં, કાળા રંગની ટાટા હેરિયર કારના ચાલકે પોતાની કાર પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી માનવ જિંદગી જોખમાય તે રીતે પાછળથી અથડાવી હતી. જેના કારણે તેમનું માલવાહક વાહન પલટી ખાઈ જતાં તેમાં ભરેલા આશરે સવા બે લાખ રૂપિયાના સફરજનનું નુકસાન થયું હતું, તેમજ શારીરિક રીતે નાની-મોટી ઈજાઓ થઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલાના ધૂડિયા આગરિયા ગામે માલિકીના આધાર-પુરાવા વગર જમીન પચાવી પાડયાની ફરિયાદ

માયાભાઈ આહિરના પુત્રએ ફરિયાદ નોંધાવી

રાજુલા,તા.૦૮

રાજુલાના ધૂડિયા આગરિયા ગામે માલિકીના કોઈ આધાર-પુરાવા વગર જમીન પર કબજો કરી વાવેતર કરવા અંગેની ફરિયાદ નોંધાઈ છે. બનાવ અંગે ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બોરડા ગામે રહેતા ભરતભાઈ માયાભાઈ ભંમર (ઉ.વ.૩૧)એ રાજુલાના જેતુભાઈ વીરાભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીએ તેમની ધૂડિયા આગરિયા ગામમાં આવેલી જમીન પર ગેરકાયદેસર કબજો કર્યો હતો. તેમને અવારનવાર જમીનનો કબજો ખાલી કરવા જણાવવા છતાં, આરોપીએ કબજો ખાલી ન કરી આજદિન સુધી માલિકીના પુરાવા વગર ગેરકાયદેસર કબજો ચાલુ રાખી વાવેતર કરીને ઉપજ મેળવી હતી. આ અંગે રાજુલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એન. બી. ગોરડિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

રાજુલામાં નવી નોટો માટે પ્રજાના વલખાં, કરન્સી ચેસ્ટ ખસેડાતાં મુશ્કેલી

રાજુલા,તા.૦૮

રાજુલા શહેરમાં કરોડો રૂપિયાનું આર્થિક ટર્નઓવર હોવા છતાં દિવાળી અને લગ્નસરાની સિઝનમાં નવી ચલણી નોટો મેળવવા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. રાજુલા SBIમાં આવેલી કરન્સી ચેસ્ટ કોવાયા ખસેડાતા વેપારીઓ અને નાગરિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. રાજુલા અને આસપાસમાં ૨૦ જેટલી બેંકો, ૨૫ જેટલા પેટ્રોલ પંપ, ઔદ્યોગિક એકમો અને



તસવીર : ગોપાલ રાઠોડ


વેપારી સંસ્થાઓ હોવા છતાં રૂ.૧૦, રૂ.૨૦, રૂ.૫૦ અને રૂ.૧૦૦ની નવી નોટો મળતી નથી. બેંકોમાં નોટો ન હોવાના જવાબથી લોકોમાં રોષ ફેલાયો છે. જો રિઝર્વ બેંકમાંથી નોટો આવી નથી તો બજારમાં નવી નોટો ક્યાંથી આવી રહી છે તેવો સવાલ ઉઠયો છે. કરન્સી ચેસ્ટ ફરી રાજુલામાં શરૂ કરવા અને નોટોની ફાળવણી તથા વિતરણની ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માંગ ઉઠી છે.

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
VIDHYA GURU SCIENCE SCHOOL
કાર્યક્ષેત્ર:- ધો.9-10 & 11-12 સાયન્સ / કોમર્સ /RENEET
ગણેશ પાર્ટી પ્લોટ સામે, NEXA શો-રૂમની પાછળ, લાઠી રોડ, અમરેલી
૯૩૨૮૭ ૧૨૯૨૮
અમરેલીના ઈતિહાસમાં સૌ-પ્રથમ વખત ગુજરાત બોર્ડમાં 99.99 PR
NEET 2026
17 Students Qualified For JEE Advanced
જીલ્લા પ્રથમ
545
97.90 PR
કામળીયા સુર્યાબા નજુભાઈ
Phy. 98.38 — કિર્તન સંજયભાઈ 96.50 PR
Chem. 99.24 — દિપ કાનજીભાઈ 92.48 PR
Maths. 98.00 — પવન વિપુલભાઈ 97.11 PR
JEE 2026 માં જિલ્લાનું સર્વશ્રેષ્ઠ પરિણામ
બોર્ડ ૨૦૨૬
A1 596/650 ધાધલ હેત્વી
A1 595/650 સુવાગીયા ઉર્વી
A1 554/600 ખોખર રૂત્વિકા
A1 551/600 સિધ્ધપુરા રૂદ્ર

અમરેલીમાં સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેન પર અજાણ્યા શખ્સોનો પથ્થરમારો

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં સાબરમતીથી વેરાવળ જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારાની ગંભીર ઘટના સામે આવતાં રેલવે તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. લાઠી અને ખીજડીયા રેલવે સ્ટેશન વચ્ચે અજાણ્યા ઈસમોએ ચાલુ ટ્રેન પર અચાનક પથ્થરમારો કર્યો હતો. આ હુમલાને કારણે ટ્રેનના કોચની



બારીનો કાચ તૂટી ગયો હતો, જેના પગલે મુસાફરોમાં ક્ષણભર માટે ગભરાટ વ્યાપી ગયો હતો. જોકે, રાહતની વાત એ છે કે આ બનાવમાં કોઈ મુસાફરને ઈજા પહોંચી નથી અને તમામ મુસાફરો સુરક્ષિત છે. ઘટનાની જાણ થતાં જ રેલવે સુરક્ષા દળ (RPF), જીઆરપી અને સ્થાનિક લાઠી પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ધોળા RPF અધિકારી ગોલકરે જણાવ્યા અનુસાર, પથ્થરમારો કરનારા અજાણ્યા શખ્સોને પકડવા માટે લાઠી-ખીજડીયા વચ્ચેના વિસ્તારમાં સઘન વિશ્લેષણ અને તપાસ હાથ ધરવામાં આવી છે. ટ્રેનની સુરક્ષા સુનિશ્ચિત કર્યા બાદ તેને વેરાવળ તરફ આગળ રવાના કરવામાં આવી હતી.

સાવરકુંડલાને દિવાળીની ભેટ: રૂ. ૮.૬૩ કરોડના ખર્ચે આધુનિક ફાયર સ્ટેશન બનશે

ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના પ્રયાસોથી ખાંભા ચોકડી ખાતે ફાયર સ્ટેશન સહિત આધુનિક સુવિધાઓનું નિર્માણ કરાશે

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા શહેરની જનતાની વર્ષોની માંગણી પૂર્ણ થવા જઈ રહી છે. સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના પ્રયાસોથી મહુવા રોડ પર ખાંભા ચોકડી ખાતે રૂ. ૮.૬૩ કરોડના ખર્ચે આધુનિક ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. આ ફાયર સ્ટેશનમાં સબ-મોડલ ફાયર સ્ટેશન, ત્રણ માળનું સ્ટાફ ક્વાર્ટર, આધુનિક ગેરેજ અને સર્વિસ સ્ટેશન બનાવાશે. ઉપરાંત ફાયર હાઈડ્રન્ટ સિસ્ટમ અને ગાર્ડન સહિતની



સુવિધાઓ વિકસાવવામાં આવશે. આ સુવિધા શરૂ થતાં સાવરકુંડલા શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં આગની દુર્ઘટનાઓ સમયે ઝડપી કામગીરી થઈ શકશે. નાગરિકોની જાનમાલની સુરક્ષા અને આપત્તિના સમયે સમયસર બચાવ કામગીરી માટે આ ફાયર સ્ટેશન મહત્ત્વપૂર્ણ સાબિત થશે. દિવાળીના અવસરે વિસ્તારને મળેલી આ વિકાસલક્ષી ભેટથી નાગરિકોમાં આનંદની લાગણી પ્રસરી છે.

ડેરી પીપરીયા સ્વામિનારાયણ મંદિરે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને ભાગવત કથાનું ભવ્ય આયોજન

તા. ૧૨ થી ૧૬ નવેમ્બર દરમિયાન ધાર્મિક કાર્યક્રમો, લોકડાયરો, રાસોત્સવ અને યજ્ઞ યોજાશે; પ્રદીપ ભાખર દ્વારા ભાવભર્યું આમંત્રણ

અમરેલી,તા.૦૮

બગસરા તાલુકાના ડેરી પીપરીયા ગામે આવેલા સ્વામિનારાયણ મંદિરે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય સંતોના પાવન સાંનિધ્યમાં યોજાનારા આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાય તેવી અપેક્ષા છે. મહોત્સવનો પ્રારંભ ૧૨ નવેમ્બર, ગુરુવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે પોથીયાત્રાથી થશે. ત્યારબાદ સાંજે ૫ વાગ્યે મંગળ પ્રસ્થાન અને ૫:૩૦ કલાકે



કથાનો પ્રારંભ થશે. ૧૩ નવેમ્બરના રોજ સાંજે ૫:૩૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. ૧૫ નવેમ્બરના રોજ સવારે ૮ કલાકે યજ્ઞનો પ્રારંભ થશે, જ્યારે રાત્રે ૮ કલાકે રાસોત્સવ યોજાશે. આ ઉપરાંત ૧૨ થી ૧૪ નવેમ્બર દરમિયાન દરરોજ રાત્રે ૯ કલાકે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૬ નવેમ્બર, સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કથાની પૂર્ણાહુતિ થશે. આ મહોત્સવનું સ્થળ ડેરી પીપરીયા ગામનું સ્વામિનારાયણ મંદિર, તાલુકો બગસરા, જિલ્લો અમરેલી છે. મહોત્સવમાં પધારી ભગવાનનાં દિવ્ય દર્શન, કથામૃત અને ભક્તિ-સત્સંગનો લાભ લેવા આયોજકો દ્વારા સૌ ભાવિકોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જિલ્લા પંચાયત અમરેલીની આરોગ્ય સમિતિના ચેરમેનના પ્રતિનિધિ પ્રદીપ ભાખર દ્વારા આ આમંત્રણ આપવામાં આવ્યું છે. મહોત્સવમાં ઉપસ્થિત રહી ધાર્મિક પ્રસંગની શોભા વધારવા ભાવિકોને અપીલ કરવામાં આવી છે.

જિલ્લામાંથી ૮ શરાબીઓ ઝડપાયા

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૮ શરાબીઓને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. અમરેલી, ડુંગર, ધારી, સાવરકુંડલા અને રાજુલામાં પાસ-પરમિટ વગર કેફી પીણું પીને ફરતા ઈસમો પોલીસ ઝપટે ચડયા હતા.

અમરેલીના ચાડીયા ગામના યુવકને જાનથી મારવાની ધમકી

અમરેલી,તા.૦૮

અમરેલીના ચાડીયા ગામના યુવકને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી.

બનાવ અંગે મેહુલભાઈ ભોપાભાઈ ચુડાસમા (ઉ.વ.૩૫) એ જીલ ઉર્ફે ભૂરો લલીતભાઈ ચુડાસમા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે આરોપીને મકાન લેવા પૈસા આપવાની ના પાડી હતી. જેનું મનદુઃખ રાખી જીવલેણ હુમલો કર્યો હતો અને કેસ બાબતે સમાધાન તથા રૂપિયા આપવા બાબતે ફોન કરી ગાળો આપી મારી નાખવાની ધમકીઓ આપી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.









-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૨૩/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. રાજેશભાઈ ઘનશ્યામભાઈ ગોધાણી
રહે.૪૯, સાજન બંગ્લોઝ, એસ્પાર સ્કુલ, મોટા વરાછા સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી આંબરડી, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી જાનવી રાજેશભાઈ ગોધાણીનો જન્મ તા.૦૩/૦૯/૨૦૦૯ ના રોજ મુ.આંબરડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા





-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૨૯/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. રોહિતભાઈ વશરામભાઈ દોંગા
રહે.સી ૧૯૬, પ્રમુખછાયા સોસાયટી, યોગીચોક, બોમ્બે માર્કેટ પુણાગામ સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી નેસડી, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રોહિતભાઈ વશરામભાઈ દોંગાનો જન્મ તા.૨૪/૦૪/૧૯૮૬ ના રોજ મુ.નેસડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



ખીચા ગામની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન શેડનું ખાતમુહૂર્ત

ધારી,તા.૦૮



અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ખીચા ગામે પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન શેડના નિર્માણકાર્યનું શુભ ખાતમુહૂર્ત ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, જિલ્લા પંચાયતના સદસ્ય ઘનશ્યામભાઈ હિરપરા, ગામના સરપંચ રવુભાઈ કોટીલા સહિત ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસકાર્યથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન દરમિયાન વધુ સારી સુવિધા મળી રહેશે. શાળામાં જરૂરી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે આ કામગીરી મહત્વપૂર્ણ સાબિત થશે. ગામના શૈક્ષણિક વાતાવરણને વધુ સુવિધાજનક બનાવવા અને વિદ્યાર્થીઓને સારી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ પહેલ કરવામાં આવી છે. ગામમાં આ વિકાસકાર્યને લઈ આનંદની લાગણી જોવા મળી હતી.

વીજપડી સ્ટેટ હાઈવે પર મસમોટા ખાડાઓથી વાહનચાલકો પર અકસ્માતનું જોખમ

સાવરકુંડલા,તા.૦૮



સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામેથી પસાર થતા સ્ટેટ હાઈવે પર મસમોટા અને ઊંડા ખાડાઓ પડી જતાં વાહનચાલકોમાં ભારે મુશ્કેલી ઊભી થઈ છે.

આશ્ચર્યની વાત એ છે કે રોડની કામગીરી હજુ પૂર્ણ પણ થઈ નથી ત્યાં જ રસ્તા પર મોટા ખાડાઓ પડી ગયા છે. તાજેતરમાં આ જ સ્થળે એક ટુ-વ્હીલર ચાલક અકસ્માતનો ભોગ બન્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં મહુવાની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં સંબંધિત સરકારી અધિકારીઓ અને તંત્ર દ્વારા તાત્કાલિક ખાડાઓનું સમારકામ કરવામાં આવે તેવી વાહનચાલકો અને ગ્રામજનોમાં માંગ ઉઠી છે.

બક્ષીપુર ભૂતિયા ગામેથી ત્રણ જુગારી ઝડપાયા, પાંચ ફરાર

અમરેલી, તા.૦૮

કુલ રૂ. ૫૯,૭૦૦નો મુદ્દામાલ જપ્ત

અમરેલીના બક્ષીપુર ભૂતિયા ગામેથી ત્રણ જુગારી ઝડપાયા હતા, જ્યારે પાંચ ફરાર થઈ ગયા હતા. પોલીસે કુલ રૂ. ૫૯,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જગદિશભાઈ રમેશભાઈ બારૈયા, કેતનભાઈ સવજીભાઈ ગોહીલ તથા જયંતીભાઈ બાવભાઈ પરમાર જાહેરમાં પૈસા-પાના વડે હાર-જીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડ રૂ. ૧૪,૭૦૦, મોબાઈલ ફોન નંગ-૩ તથા ૧ મોટરસાયકલ મળી કુલ રૂ. ૫૯,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જ્યારે ભરતભાઈ કાળુભાઈ પરમાર, મહેશભાઈ અમુભાઈ પરમાર, સંજયભાઈ વાઘજીભાઈ ડાભી, સંજયભાઈ સવજીભાઈ ગોહીલ તથા કાનો દેવીપૂજક નાસી ગયા હતા. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જી.બી. લાપા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ચલાલાના ભીમનાથ મહાદેવ મંદિરે રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા

ચલાલા,તા.૦૮



અમરેલી જિલ્લાના ચલાલા શહેરના પૌરાણિક અને આસ્થાના પ્રતીક સમાન ભીમનાથ મહાદેવ મંદિરે ગુજરાત રાજ્યના પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ દર્શન કરી ભગવાન શિવના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે તેમણે ચલાલા પંથકના નાગરિકો તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકરોને દિવાળી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. મંત્રીના આગમન પ્રસંગે મંદિરના મહંત દિનેશગીરી ગોસાઈના પરિવાર દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ સાલ ઓઢાડી તેમનું ભાવભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિર પરિસરમાં ભક્તિભાવ અને આત્મીયતાભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું.

રાજુલાના છતડિયા ગામ પાસે ઈનોવા - બાઈક વચ્ચે અકસ્માત

ઈનોવામાં ત્રણ લાખનું નુકસાન

રાજુલા,તા.૦૮

રાજુલાના છતડિયા ગામ પાસે ઈનોવા - બાઈક વચ્ચે અકસ્માત થયો હતો, જેના કારણે ઈનોવામાં ત્રણ લાખનું નુકસાન થયું હતું. બનાવ અંગે પાલનપુરમાં રહેતા ધ્રુવભાઈ અમરતભાઈ દેસાઈ (ઉ.વ.૨૪)એ મોટર સાયકલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ઈનોવા લઈ સોમનાથથી પાલનપુર જવા નીકળ્યા હતા. દરમિયાન છતડીયા ગામની આગળ યારોકા ઢાબાની સામે નેશનલ હાઈવે રોડ ઉપર મોટર સાયકલ ચાલકે અચાનક આવી ઈનોવા ગાડી સાથે અથડાવી હતી. તેમાં ઈનોવા ગાડીનું આખું બોનેટ તથા કાચ તુટી જતા આશરે રૂ.૩,૦૦,૦૦૦નું નુકસાન થયું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

લીલીયાના સાજણટીંબા ગામે જરૂરિયાતમંદ ગરીબપરિવારોને મીઠાઈનું વિતરણ કરાયું

લીલીયા,તા.૦૮



લીલીયા તાલુકાના સાજણટીંબા ગામે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડિયાના નિવાસસ્થાને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, બજરંગદળ અને રાષ્ટ્રીય કિસાન પરિષદ દ્વારા જરૂરિયાતમંદ ગરીબ પરિવારોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. તા. ૭ નવેમ્બર, ૨૦૨૬ના શનિવારે કાળીચૌદશના પવિત્ર દિવસે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ પ્રભારી તથા રાષ્ટ્રીય કિસાન પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, લીલીયા તાલુકા મહામંત્રી રમેશભાઈ વેકરિયા, કિસાન પરિષદના તાલુકા પ્રમુખ રમેશભાઈ કાછડિયા, તાલુકા ઉપપ્રમુખ પ્રવિણભાઈ પુનાભાઈ તોગડિયા, વિઠ્ઠલભાઈ તોગડિયા તેમજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ ખુમાણ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાબરામાં 'કેમ તું મારા ભાઈ સાથે માથાકૂટ કરતો હતો?' કહી તલવારનો ઘા માર્યો

બાબરા,તા.૦૮

બાબરાના ધુડિયા પ્લોટ વિસ્તારનો બનાવ

બાબરાના ધુડિયા પ્લોટ વિસ્તારમાં એક યુવકને 'તું મારા ભાઈ સાથે કેમ માથાકૂટ કરતો હતો?' તેમ કહી તલવારનો ઘા માર્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે સિરાજભાઈ સતારભાઈ સૈયદ (ઉં.વ. ૩૮)એ ફૈઝલભાઈ મહમદભાઈ સૈયદ તથા અમનભાઈ મહમદભાઈ સૈયદ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી પોતાના ઘરની સામે રહેતા ખાલીદભાઈ મેતરના ઘર સામે બેઠા હતા, તે દરમિયાન ફૈઝલભાઈ સૈયદે આવીને 'તું બે દિવસ પહેલાં મારા ભાઈ સાથે કેમ માથાકૂટ કરતો હતો?' તેમ કહીને ફરિયાદીને ગાળો આપી હતી. જે બાદ અમન સૈયદને બોલાવી લોખંડના પાઈપ વડે વાંસાના ભાગે તથા હાથે આડેધડ ઘા મારી મૂંઢ ઈજા પહોંચાડી હતી. તેમજ ગાળો આપી જમણા હાથમાં તલવારનો ઘા મારી લોહી કાઢીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અમાસ
તા.૦૯-૧૧-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૩૯,
સૂર્યાસ્ત-૦૫:૩૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

દૈનિક રાશિફળ

તા.૦૯-૧૧-૨૦૨૬ સોમવાર

મેષ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

વૃષભ: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

મિથુન: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

કર્ક: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધારો થશે.

કન્યા: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે,

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

મીન: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

ઉનાના મોઠા ગામે ૨૫ ગામોની ક્રિકેટ ટીમો વચ્ચે ટુર્નામેન્ટનો પ્રારંભ

ઉના,તા.૦૮



ઉના તાલુકાના મોઠા ગામના બંસી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બંસી ઓપન ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો છે. આ સ્પર્ધામાં ૨૫ ગામોની ક્રિકેટ ટીમો ભાગ લેશે. ઉદ્ઘાટન પ્રસંગે ઉના-૯૩ના ધારાસભ્ય કે.સી. રાઠોડ, જાફરાબાદ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બાલુભાઈ નાગર સહિત ગામના આગેવાનો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સમૂહ રાષ્ટ્રગાન યોજાયું હતું. ધારાસભ્યએ ટોસ ઉછાળી બેટિંગ કરી ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. યુવાનોમાં રમતગમત, ભાઈચારો અને એકતાની ભાવના વધારવાના હેતુથી યોજાયેલી સ્પર્ધામાં દાતાઓએ રોકડ અનુદાન આપ્યું હતું. આયોજકો કિરીટસિંહ ગોહિલ, યુવરાજસિંહ ગોહિલ, સંજયસિંહ પરમાર અને અક્ષયસિંહ ગોહિલે સહયોગીઓનો આભાર માન્યો હતો.

રાજુલામાં રૂ. ૮,૦૬૦ની રોકડ સાથે ૪ ખેલીઓ ઝબ્બે

રાજુલા,તા.૦૮

રાજુલામાંથી પોલીસે ૪ ખેલીઓને રૂ. ૮,૦૬૦ ની રોકડ સાથે ઝબ્બે કર્યા હતા. વિશાલભાઈ જાદવભાઈ વાળા, અક્ષયભાઈ ભરતભાઈ સરવૈયા, અજીતભાઈ કાળુભાઈ સરવૈયા અને જાકીરહુસૈન ભીખુભાઈ શેખ જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હાર-જીતનો તીનપત્તીનો જુગાર રમતાં રૂ. ૮,૦૬૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બાબરાના સુખપર ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

બાબરા,તા.૦૮

બાબરાના સુખપર ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. બનાવ અંગે મહેશભાઈ વિઠ્ઠલભાઈ ઝાપડીયા (ઉ.વ. ૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના મમ્મી-પપ્પા ગોખલાણા ગામે મરણ પ્રસંગે ગયા હતા અને તેમના ભાઈ નરેશભાઈ કડીયા ગામે ગયા હતા, તે દરમ્યાન સેજલબેન કોઈને કહ્યા વગર સુખપર ગામે વાડીએ આવેલા રહેણાક મકાનેથી ચાલી ગયાં હતાં. બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. આર. દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

છ માસથી ફરાર આરોપી અમરેલી પેરોલ ફર્લો સ્કવોડના હાથે ઝડપાયો

અમરેલી, તા.૦૮



અમરેલી પેરોલ ફર્લો સ્કવોડના પો.સબ.ઈન્સ. એમ. ડી. ગોહિલની ટીમને મળેલી બાતમીના આધારે વિસાવદર તાલુકાના રામપરા ગામેથી વેલજીભાઈ માવજીભાઈ ચારોલીયા (ઉ.વ.૬૦)ને તા.૦૬/૧૧/૨૦૨૬ના રોજ ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપી વિરુધ્ધ છ માસ અગાઉ શારીરિક અને માનસિક ત્રાસ આપવા તેમજ ધમકી આપવાની ફરિયાદ નોંધાઈ હતી. કોર્ટ દ્વારા વોરંટ જારી કરવામાં આવ્યા બાદ પણ તે ફરાર હતો. પોલીસે આરોપીને આગળની કાર્યવાહી માટે અમરેલી મહિલા પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો.

કોડીનાર તાલુકાના છારા ગામની માધ્યમિક શાળાની મંજૂરી રદ કરાતાં ગ્રામજનોમાં રોષ

કોડીનાર,તા.૦૮



કોડીનાર તાલુકાના છારા ગામની માધ્યમિક શાળાની મંજૂરી રદ કરી તેને નગડલા ગામે ફાળવવામાં આવતાં ગ્રામજનોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. આ નિર્ણયના વિરોધમાં ગ્રામજનોએ એકત્ર થઈને કોડીનાર મામલતદાર કચેરી ખાતે શિક્ષણમંત્રીને સંબોધીને આવેદનપત્ર પાઠવ્યું હતું.ગ્રામજનોના જણાવ્યા અનુસાર, છારા ગામને ૦૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ શાળાની મંજૂરી મળી હતી, જે ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ અચાનક રદ કરાઈ હતી. છારા ગામમાં પછાત વર્ગની મોટી વસ્તી હોય, બાળકોએ માધ્યમિક શિક્ષણ માટે અન્ય ગામે જવું પડશે. જેથી બાળકોના ભવિષ્ય પર પ્રતિકૂળ અસર પડી શકે છે.ગ્રામજનોએ સ્પષ્ટ કર્યું કે તેમને નગડલા ગામ સામે કોઈ વિરોધ નથી, પરંતુ આ નિર્ણય પાછળના કારણોની નિષ્પક્ષ તપાસ કરી છારા ગામની માધ્યમિક શાળાની મંજૂરી પુનઃસ્થાપિત કરવામાં આવે તેવી માંગ કરી છે.

તંત્રી લેખ

ચૂંટણીમાં વિદેશી હાથનો પડછાયો

દરેક દેશમાં ચૂંટણી આવે ત્યારે એક સવાલ વારંવાર ઊભો થાય છે. શું આ ચૂંટણી ખરેખર લોકોના મતથી જ નક્કી થઈ છે કે પછી તેની પાછળ કોઈ બીજાનો હાથ છે. ભારતમાં પણ આ સવાલ ઊભો થયો છે. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપ મૂક્યો છે કે તેઓ વિદેશી મદદના બળે સત્તામાં ટકી રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનરના મુદ્દે તેમણે મોરચો ખોલ્યો છે અને આ આક્ષેપ તેની સાથે જોડાયેલો છે. આ આક્ષેપ સાચો છે કે ખોટો તેની તપાસ થવી જોઈએ. પણ આવા આક્ષેપો માત્ર ભારતમાં જ થાય છે તેવું નથી. અમેરિકા, બ્રિટન અને ઇઝરાયલ જેવા દેશોમાં પણ ચૂંટણી વખતે આવા જ આક્ષેપો સંભળાય છે. આથી એવું લાગે છે કે ચૂંટણીમાં વિદેશી હાથનો ડર હવે આખી દુનિયામાં ફેલાયો છે.

ઇઝરાયલમાં હાલમાં જ ચૂંટણી પૂરી થઈ છે. તેમાં વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુને બહુમતી મળી નથી. તેઓ સત્તા ટકાવવા માટે બીજા પક્ષો સાથે ગઠબંધન કરવાની વેતરણમાં છે. ચૂંટણીનું પરિણામ આવ્યા પછી ત્યાં પણ વિદેશી દખલગીરીનો આક્ષેપ ઊભો થયો છે.

નેતન્યાહુ અને તેમના પક્ષના નેતાઓએ આરબ પાર્ટીઓ પર ચૂંટણીમાં ઘાલમેલ કરવાનો આક્ષેપ મૂક્યો છે. પણ ઇઝરાયલના કેન્દ્રીય ચૂંટણી પંચે આ વાતને વધારે મહત્ત્વ આપ્યું નથી. પંચનું કહેવું છે કે તપાસનું વર્તુળ સીમિત છે. આ મામલાથી ચૂંટણીના પરિણામ પર કોઈ અસર પડી નથી. આ આખી ઘટના પરથી એક મોટો બોધપાઠ મળે છે. ચૂંટણીમાં વિદેશી હાથનો આક્ષેપ મૂકવો તે હવે એક રાજકીય હથિયાર બની ગયું છે. જ્યારે પરિણામ પોતાની તરફેણમાં ન હોય ત્યારે આ હથિયાર વપરાય છે. તેનાથી ચૂંટણી પંચની વિશ્વસનીયતા પર સવાલ ઊભા થાય છે.

ભારતમાં પણ આ જ નિયમ લાગુ પડે છે. રાહુલ ગાંધીએ જે આક્ષેપ મૂક્યો છે તેની તપાસ થવી જોઈએ. પુરાવા વિના આક્ષેપ કરવાથી લોકોમાં ગૂંચવણ ઊભી થાય છે. બીજી બાજુ સરકારે પણ આવા આક્ષેપોને હળવાશથી લેવા જોઈએ નહીં. ચૂંટણી પંચે પોતાની કામગીરી એવી રીતે કરવી જોઈએ કે કોઈને શંકા કરવાની તક જ ન મળે. મતદાર યાદી, મતગણતરી અને પરિણામની પ્રક્રિયા સંપૂર્ણ ખુલ્લી હોવી જોઈએ. જ્યારે પ્રક્રિયા ખુલ્લી હોય ત્યારે વિદેશી હાથનો ડર આપોઆપ ઓછો થઈ જાય છે. લોકશાહીની સાચી તાકાત લોકોના વિશ્વાસમાં છે. આ વિશ્વાસ ટકાવવો તે દરેક નેતા અને દરેક સંસ્થાની ફરજ છે. ઇઝરાયલની ચૂંટણી આપણને આ જ શીખવે છે કે આક્ષેપોથી દેશ આગળ વધતો નથી.

નવા વર્ષમાં હવે સ્માર્ટ વીંટી પહેરજો !



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ટેક્નોલોજીની દુનિયામાં પરિવર્તનની ગતિ એટલી ઝડપી બની ગઈ છે કે થોડાં વર્ષ પહેલાં જે બાબત આપણને કલ્પના જેવી લાગતી હતી તે આજે જીવનનો સામાન્ય ભાગ બની રહી છે. એક સમય હતો જ્યારે કોમ્પ્યુટરનો ઉપયોગ કરવા માટે મોટા ઓરડામાં જગ્યા રોકતાં વિશાળ મશીનોની જરૂર પડતી હતી. ત્યારબાદ ડેસ્કટોપ કોમ્પ્યુટર આવ્યા, પછી લેપટોપે કામ સરળ બનાવ્યું. ટેક્નોલોજી વધુ નાની થતી ગઈ અને આખરે ટેબ્લેટ તથા સ્માર્ટફોન આપણા હાથમાં આવી ગયા. આજે દુનિયાના મોટાભાગના કામ માટે એક નાનકડો મોબાઇલ ફોન પૂરતો સાબિત થઈ રહ્યો છે. પરંતુ ટેક્નોલોજીની સફર અહીં અટકવાની નથી. હવે ટેક્નોલોજી હાથમાં રાખવાને બદલે શરીર પર પહેરવાની દિશામાં આગળ વધી રહી છે. આ નવી દુનિયાને 'વિયરેબલ ટેક્નોલોજી' કહેવામાં આવે છે.

વિયરેબલ એટલે શરીર પર પહેરી શકાય તેવાં ઇલેક્ટ્રોનિક સાધનો. સ્માર્ટ વોચ, સ્માર્ટ ચશ્માં, સ્માર્ટ રીંગ અને સ્માર્ટ કપડાં તેનાં ઉદાહરણો છે. આ સાધનો દેખાવમાં સામાન્ય વસ્તુઓ જેવાં હોય છે, પરંતુ તેમની અંદર નાનાં ઇલેક્ટ્રોનિક ઉપકરણો, ચિપ્સ અને સેન્સર લગાવવામાં આવે છે. આ સેન્સર શરીરની ગતિવિધિ અને આસપાસની પરિસ્થિતિ વિશે માહિતી એકત્રિત કરે છે. આ જ ટેક્નોલોજીનું એક રસપ્રદ સ્વરૂપ છે સ્માર્ટ રીંગ, એટલે કે સ્માર્ટ વીંટી.

સામાન્ય રીતે વીંટીનો ઉપયોગ સુંદરતા, શોખ કે સામાજિક પરંપરાના ભાગરૂપે કરવામાં આવે છે. પરંતુ હવે આંગળીમાં પહેરાતી વીંટી સ્વાસ્થ્ય અને રોજિંદી સુવિધાઓ સાથે પણ જોડાઈ રહી છે. સ્માર્ટ રીંગ દેખાવમાં સામાન્ય વીંટી જેવી જ હોય છે, પરંતુ તેની અંદર અત્યંત નાનાં સેન્સર, ઇલેક્ટ્રોનિક ચિપ અને બેટરી મૂકવામાં આવે છે. આ નાનકડું ઉપકરણ આપણી ઊંઘ, હૃદયના ધબકારા, શારીરિક પ્રવૃત્તિ અને શરીરના તાપમાનમાં થતા ફેરફારો જેવી બાબતોનું નિરીક્ષણ કરી શકે છે. એટલે કે શરીર સાથે સતત સંપર્કમાં રહેતું એક નાનું ડિજિટલ સાધન આપણી આંગળીમાં જ ઉપલબ્ધ થાય છે.

સ્માર્ટ રીંગની સૌથી મહત્ત્વની વિશેષતા તેના સેન્સર છે. સેન્સર એટલે એવું નાનું સાધન જે કોઈ ચોક્કસ બાબતને ઓળખી શકે, માપી શકે અને તેની માહિતી ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં આપી શકે. તેમાં રહેલું પીપીજી સેન્સર ખાસ મહત્ત્વ ધરાવે છે. પીપીજીનું પૂરું નામ ફોટોપ્લેથીસ્મોગ્રાફી છે. આ નામ મુશ્કેલ લાગે, પરંતુ તેની કામગીરી સમજવી સરળ છે. આ સેન્સર ત્વચા પર પ્રકાશ પાડે છે અને લોહીના પ્રવાહમાં થતા ફેરફારોને આધારે હૃદયના ધબકારા જેવી માહિતી મેળવે છે. આ રીતે સ્માર્ટ રીંગ હાર્ટ રેટ એટલે કે હૃદય એક મિનિટમાં કેટલી વાર ધબકે છે તેની માહિતી આપી શકે છે. કેટલીક સ્માર્ટ રીંગમાં લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ માપવાની સુવિધા પણ હોય છે. જોકે આ સુવિધા દરેક મોડેલમાં ઉપલબ્ધ હોય એવું જરૂરી નથી.

આ ઉપરાંત તેમાં એક્સેલરોમીટર નામનું સેન્સર હોય છે. તેને સરળ ભાષામાં હલનચલન માપનાર સાધન કહી શકાય. આપણે ચાલીએ, દોડીએ, બેસીએ કે સૂઈ જઈએ ત્યારે શરીરની ગતિમાં થતા ફેરફારોને તે ઓળખે છે. આ માહિતીના આધારે દિવસ દરમિયાન કેટલાં પગલાં ચાલ્યા, કેટલી શારીરિક પ્રવૃત્તિ કરી અને અંદાજે કેટલી ઊર્જા ખર્ચાઈ તેનો અહેવાલ મળે છે. કેલરી એટલે શરીર દ્વારા ઊર્જાના ઉપયોગનું માપ. આથી વ્યક્તિ પોતાની દૈનિક પ્રવૃત્તિ અંગે વધુ સારી સમજ મેળવી શકે છે.

સ્માર્ટ રીંગનો બીજો મહત્ત્વનો ઉપયોગ ઊંઘના નિરીક્ષણમાં થાય છે. આજના વ્યસ્ત જીવનમાં ઘણા લોકો પૂરતી ઊંઘ લઈ શકતા નથી. કેટલાક લોકો લાંબા સમય સુધી પથારીમાં રહેતા હોવા છતાં સારી ઊંઘ મેળવી શકતા નથી. સ્માર્ટ રીંગ રાત્રિ દરમિયાન શરીરની હલનચલન, હૃદયના ધબકારા અને અન્ય સંકેતોનું નિરીક્ષણ કરીને ઊંઘ અંગેનો અંદાજ આપે છે. વ્યક્તિ કેટલો સમય સૂઈ, રાત્રે કેટલી વાર જાગી અને ઊંઘના કયા તબક્કામાંથી પસાર થઈ તેની માહિતી એપ્લિકેશનમાં જોઈ શકાય છે.

અહીં સ્લીપ ટ્રેકિંગ શબ્દ સમજવો જરૂરી છે. સ્લીપ એટલે ઊંઘ અને ટ્રેકિંગ એટલે સતત નોંધ રાખવી. એટલે કે આખી રાત ઊંઘની સ્થિતિનું નિરીક્ષણ કરવું. કેટલીક સ્માર્ટ રીંગ ઊંઘના હળવા તબક્કા, ઊંડી ઊંઘ અને આરઈએમ ઊંઘ વિશે અંદાજિત માહિતી આપે છે. આરઈએમ ઊંઘ એવો તબક્કો છે જેમાં સપનાં વધુ જોવા મળે છે અને મગજની પ્રવૃત્તિ સક્રિય રહે છે. આ માહિતીના આધારે વ્યક્તિ પોતાની ઊંઘની આદતોમાં સુધારો કરી શકે છે. જોકે સ્માર્ટ રીંગ ઊંઘની તબીબી તપાસનું સ્થાન લઈ શકતી નથી.

સ્માર્ટ રીંગમાં તાપમાન માપવા માટે પણ વિશેષ સેન્સર હોય છે. શરીરનું તાપમાન દિવસ દરમિયાન થોડું બદલાતું રહે છે. આ ફેરફારોનું નિરીક્ષણ કરીને કેટલીક સ્માર્ટ રીંગ શરીરના સામાન્ય તાપમાનથી થતા વધઘટનો અહેવાલ આપે છે. ખાસ કરીને ઊંઘ દરમિયાન તાપમાનમાં થતા ફેરફારોનું નિરીક્ષણ ઉપયોગી બની શકે છે. આ માહિતી વ્યક્તિને પોતાની શારીરિક સ્થિતિમાં થતા ફેરફારો સમજવામાં મદદ કરે છે.

કેટલીક સ્માર્ટ રીંગમાં હાર્ટ રેટ વેરિએબિલિટી એટલે કે એચઆરવીની માહિતી પણ મળે છે. તેનો અર્થ હૃદયના બે ધબકારા વચ્ચેના સમયગાળામાં થતો નાનો ફેરફાર. આ માહિતી શરીર આરામમાં છે કે તેના પર શારીરિક અથવા માનસિક તાણ છે તે સમજવામાં મદદરૂપ બની શકે છે. જોકે માત્ર એક જ આંકડાના આધારે વ્યક્તિના સ્વાસ્થ્ય કે માનસિક સ્થિતિ અંગે નિર્ણય લેવો યોગ્ય નથી.

સ્માર્ટ રીંગની ઉપયોગિતા માત્ર સ્વાસ્થ્ય સુધી મર્યાદિત નથી. ભવિષ્યમાં અને કેટલીક વિશિષ્ટ પ્રોડક્ટમાં તેનો ઉપયોગ ડિજિટલ પેમેન્ટ માટે પણ થઈ શકે છે. એનએફસી એટલે નિયર ફિલ્ડ કમ્યુનિકેશન. આ એવી વાયરલેસ ટેક્નોલોજી છે જેના દ્વારા બે ઉપકરણો એકબીજાની નજીક આવે ત્યારે ટૂંકા અંતરે માહિતીની આપ-લે કરી શકે છે. આ ટેક્નોલોજીનો ઉપયોગ કેટલીક સ્માર્ટ રીંગમાં કોન્ટેક્ટલેસ પેમેન્ટ માટે થાય છે. એટલે કે જ્યાં આવી ચુકવણીની સુવિધા અને જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ હોય ત્યાં કાર્ડ કે મોબાઇલ કાઢ્યા વગર વીંટી નજીક લાવીને ચુકવણી કરી શકાય છે. જોકે દરેક સ્માર્ટ રીંગમાં આ સુવિધા હોતી નથી.

કેટલીક વિશિષ્ટ રીંગનો ઉપયોગ સ્માર્ટ લોક ખોલવા, ઓળખની પુષ્ટિ કરવા અથવા ડિજિટલ ચાવી તરીકે પણ થઈ શકે છે. આ સુવિધા સંબંધિત લોક કે સિસ્ટમ સાથે સુસંગતતા ધરાવતી હોવી જરૂરી છે. એટલે કે માત્ર સ્માર્ટ રીંગ ખરીદવાથી દરેક દરવાજો ખૂલી જશે એવું માનવું યોગ્ય નથી.

સ્માર્ટ રીંગને સ્માર્ટફોન સાથે જોડવા માટે બ્લૂટૂથ ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. બ્લૂટૂથ એટલે વાયર વગર ટૂંકા અંતરે બે ઇલેક્ટ્રોનિક સાધનોને જોડવાની વ્યવસ્થા. વીંટીમાં એકત્રિત થયેલી માહિતી મોબાઇલની એપ્લિકેશનમાં પહોંચે છે. એપ્લિકેશન એટલે મોબાઇલમાં ચાલતો વિશેષ કાર્યક્રમ. તેમાં દિવસભરના હૃદયના ધબકારા, ઊંઘ, ચાલવાની પ્રવૃત્તિ અને અન્ય માહિતી ગ્રાફ તથા અહેવાલના સ્વરૂપમાં જોઈ શકાય છે. આ રીતે વ્યક્તિ પોતાના શરીરની દૈનિક સ્થિતિ અંગે લાંબા ગાળાનો રેકોર્ડ પણ રાખી શકે છે.

આવી નાનકડી વીંટીની બેટરી પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેમાં જગ્યા ઓછી હોવાને કારણે નાની બેટરી લગાવવામાં આવે છે. છતાં ઘણી સ્માર્ટ રીંગ એક ચાર્જમાં અંદાજે ચારથી સાત દિવસ સુધી કામ કરી શકે છે. આ સમય મોડેલ અને ઉપયોગ પર આધાર રાખે છે. તેને ચાર્જ કરવા માટે ખાસ વાયરલેસ ચાર્જિંગ કેસ અથવા ચાર્જિંગ સ્ટેશન આપવામાં આવે છે. વીંટી તેમાં મૂકવાથી બેટરી ફરી ચાર્જ થાય છે.

વિશ્વભરમાં આ ક્ષેત્રમાં અનેક કંપનીઓ કામ કરી રહી છે. ઓરા રીંગ, અલ્ટ્રાહ્યુમન રીંગ, સેમસંગ ગેલેક્સી રીંગ અને એમેઝફિટ હેલિયો રીંગ આ ક્ષેત્રનાં જાણીતાં નામ છે. દરેક કંપની પોતાની ટેક્નોલોજી, ડિઝાઇન, બેટરી અને એપ્લિકેશનના આધારે અલગ સુવિધાઓ આપે છે. ખરીદી કરતાં પહેલાં કયા સેન્સર ઉપલબ્ધ છે, મોબાઇલ સાથે સુસંગતતા છે કે નહીં, એપ્લિકેશન માટે વધારાની ફી ચૂકવવી પડે છે કે નહીં અને વોરંટી કેટલી છે તેની તપાસ કરવી જરૂરી છે.

આ ટેક્નોલોજીનો એક મહત્ત્વનો મુદ્દો આરોગ્ય સંબંધિત માહિતીની વિશ્વસનીયતા છે. સ્માર્ટ રીંગ દ્વારા મળતા આંકડા ઉપયોગી સંકેતો આપી શકે છે, પરંતુ તેને ડૉક્ટરની તપાસ કે તબીબી ઉપકરણનો વિકલ્પ માનવો નહીં. હૃદયની બીમારી, શ્વાસની તકલીફ કે અન્ય કોઈ સ્વાસ્થ્ય સમસ્યા હોય તો માત્ર વીંટીના આંકડા પર આધાર રાખવાને બદલે તબીબી સલાહ લેવી જોઈએ. આ ઉપરાંત શરીર અને સ્વાસ્થ્ય અંગેની માહિતી મોબાઇલમાં સંગ્રહિત થતી હોવાથી કંપનીની ડેટા પ્રાઇવસી નીતિ પણ તપાસવી જોઈએ.

આવતીકાલે કદાચ સ્માર્ટફોનની જેમ સ્માર્ટ રીંગ પણ સામાન્ય જીવનનો ભાગ બની જશે. તેથી હવે સમય છે ટેક્નોલોજીની આ નવી ભેટને ઓળખવાનો.

કુદરતનું સંતુલન : સહઅસ્તિત્વ અને પરસ્પર સહકારનો અદ્‌ભુત સંદેશ



મનન ચિંતન
ભરત બાવીશી

કુદરતની દરેક રચનામાં એક વિશેષ સંદેશ છુપાયેલો હોય છે. કુદરત ક્યારેય કોઈને નકામું બનાવતી નથી. સૃષ્ટિના દરેક જીવનું પોતાનું આગવું સ્થાન, મહત્વ અને યોગદાન છે. માણસ ઘણીવાર પોતાની બુદ્ધિ અને શક્તિના અભિમાનમાં કુદરતના આ અદ્ભુત નિયમોને ભૂલી જાય છે, પરંતુ પ્રકૃતિ આપણને દરરોજ કંઈક નવું શીખવતી રહે છે.

આપણી નજર સામે ક્યારેક એવા દૃશ્યો સર્જાય છે, જે મોટી મોટી ફિલસૂફી અને ઉપદેશ કરતાં પણ વધુ ઊંડો સંદેશ આપી જાય છે. ગાયના મોઢા ઉપર બેસીને બગલો તેની ચાંચ વડે જીવાત સાફ કરતો હોય તેવું દૃશ્ય પણ આવો જ એક કુદરતી પાઠ શીખવે છે. ગાયને શરીર ઉપરની જીવાતોથી રાહત મળે છે અને બગલાને પોતાનો ખોરાક મળી રહે છે. બંને જીવોને એકબીજાથી લાભ થાય છે. આ માત્ર બે પ્રાણીઓ વચ્ચેની સામાન્ય ક્રિયા નથી, પરંતુ કુદરતના સહઅસ્તિત્વ અને પરસ્પર સહકારની સુંદર અભિવ્યક્તિ છે.

વિચારવા જેવી વાત એ છે કે ગાય અને બગલો એકબીજાની ભાષા જાણતાં નથી, કોઈ કરાર કરતાં નથી કે કોઈ અપેક્ષા રાખતાં નથી. છતાં બંને વચ્ચે એક એવું કુદરતી જોડાણ જોવા મળે છે, જે માનવજીવન માટે પણ પ્રેરણારૂપ છે. કુદરતમાં દરેક જીવ બીજા જીવના જીવનચક્રમાં કોઈ ને કોઈ રીતે ઉપયોગી બને છે.

આ જ તો કુદરતી સંતુલનનું રહસ્ય છે.માનવજીવનમાં પણ આ જ સિધ્ધાંત ખૂબ જરૂરી છે. સમાજમાં દરેક વ્યક્તિ એકબીજાથી અલગ છે. કોઈની પાસે ધન છે, તો કોઈની પાસે જ્ઞાન છે. કોઈની પાસે સત્તા છે, તો કોઈની પાસે સેવા કરવાની ભાવના છે. કોઈ માર્ગદર્શન આપી શકે છે, તો કોઈ મહેનત કરીને પરિણામ લાવી શકે છે. જ્યારે આપણે એકબીજાની વિશેષતાઓનો સ્વીકાર કરીને પરસ્પર સહયોગ આપીએ છીએ, ત્યારે પરિવાર, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ થાય છે.

આજના સમયમાં માણસ સ્વાર્થ, સ્પર્ધા અને અહંકારની દોડમાં એટલો વ્યસ્ત બની ગયો છે કે ઘણીવાર બીજાને મદદ કરવાથી પોતાનું કંઈક ઓછું થઈ જશે એવી માનસિકતા ધરાવે છે. જ્યારે કુદરત આપણને શીખવે છે કે બીજાને ઉપયોગી થવાથી આપણું અસ્તિત્વ નાનું થતું નથી, પરંતુ વધુ અર્થપૂર્ણ બને છે.

એક નાનકડો બગલો ગાયને મદદ કરે છે અને ગાય બગલાને જીવનનિર્વાહ માટેનો ખોરાક આપે છે. અહીં કોઈ મોટું કે નાનું નથી, કોઈ ઊંચું કે નીચું નથી. બંનેનું પોતપોતાનું મહત્વ છે. આ દૃશ્ય આપણને સમજાવે છે કે સાચી મહાનતા બીજાથી ચડિયાતા બનવામાં નહીં, પરંતુ બીજાના જીવનમાં ઉપયોગી બનવામાં છે.

કુદરતનું સંતુલન જળવાઈ રહે તે માટે દરેક જીવનું રક્ષણ કરવું આપણી જવાબદારી છે. વૃક્ષો, પક્ષીઓ, પ્રાણીઓ, નદીઓ અને જળાશયોનું અસ્તિત્વ માત્ર પ્રકૃતિની શોભા નથી, પરંતુ માનવજીવનના અસ્તિત્વ સાથે પણ જોડાયેલું છે. કુદરતને નુકસાન પહોંચાડીને માનવજાત ક્યારેય સુખી રહી શકે નહીં.

આપણે કુદરત પાસેથી એકજ વાત શીખવાની છે કે જીવનનું સાચું સૌંદર્ય એકબીજાના સહયોગમાં છે. જે સમાજમાં પરસ્પર લાગણી, વિશ્વાસ, સહકાર અને સહઅસ્તિત્વ હોય છે, ત્યાં જ સાચી સમૃદ્ધિ વસે છે.

કુદરતનો આ નાનકડો સંદેશ જીવનમાં ઉતારીએ. એકબીજાના પૂરક બનીએ, એકબીજાને ઉપયોગી થઈએ અને ધરતી પરના દરેક જીવના અસ્તિત્વનું સન્માન કરીએ. કારણ કે કુદરતનું સંતુલન જળવાશે તો જ માનવજીવનનું ભવિષ્ય સુરક્ષિત રહેશે.

નાનું હોય કે મોટું, દરેકનું છે આગવું સ્થાન, સહકારથી જ સુંદર બને, આ સૃષ્ટિનું આખું નિર્માણ.

એકવાર વાવો, ૫૦ વર્ષ સુધી કમાઓ ! આંમળાની ખેતી બની શકે છે ખેડૂતો માટે સમૃદ્ધિનું વૃક્ષ



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા



દિવાળીની ઉજવણી ફટાકડા ફોડીને દેશવાસીઓએ કરી છે આજે દિવાળી અને બેસતા વર્ષ વચ્ચે ધોખાનો દિવસ છે. આ ખેડૂતો માટે જો ખેતી છોડી જો ગામડાને તરછોડ્યું તો ભવિષ્યની પેઢી માટે ધોકો પીઠમાં પડવાનો છે. આવતીકાલે નવું નૂતન વર્ષ શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે ખેતી ખેડૂત અને ગામડા સાથે જોડાયેલા સહુ માયાળુ માનવીઓને ઝાઝાથી રામરામ નવું વર્ષ નવા સંકલ્પો સાથે ખેતી ખેડૂત પશુપાલકો અને ગામડા માટે નવા ઉત્સાહ નવા ઉમંગ સાથે યશસ્વી અને ફળદાય નીવડે તેવી ઝાકળના એક બિંદુ કોલમના સૌ વાચકોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આજની ૬૮ વર્ષીય ખેડૂત શ્રી બળવંતભાઈ મોહનભાઈ પટેલ પાસે આઠ એકર જમીન છે. ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરેલા બળવંતભાઈને ખેતીમાં સતત નવા પ્રયોગો કરવાની અને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવાની લગની છે. ખેતીમાં પરિવર્તન લાવવાની આ જ વિચાર સરણીને કારણે તેમણે વર્ષ ૨૦૧૯થી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કર્યું અને આજે પ્રાકૃતિક પધ્ધતિથી સારી આવક મેળવી રહ્યા છે.

પરંતુ તેમની સફળતાની શરૂઆત તો વર્ષ ૨૦૦૫માં થઈ હતી. તેમણે પોતાના આઠ એકર ખેતરમાં આમળાની એન.એ. સેવન (NA-7) જાતના આશરે ૧,૦૦૦ છોડનું વાવેતર કર્યું. ૨૦ બાય ૨૦ ફૂટના અંતરે કરેલા આ વાવેતરમાં શરૂઆતનાં પાંચ વર્ષ સુધી આંતરપાક લઈને જમીનનો મહત્તમ ઉપયોગ કર્યો. આંમળાના એક છોડની કિંમત આશરે રૂ. ૧૫૦ હતી, પરંતુ ગુજરાત સરકારની પ્રતિ એકર સહાયનો લાભ મળતાં તેમના માટે છોડદીઠ ખર્ચ માત્ર રૂ. ૨૫ જેટલો રહ્યો હતો.

આજે આ નિર્ણય તેમની લાંબા ગાળાની આવકનું માધ્યમ બન્યો છે. આંમળું કુદરતની ભેટ અને ખેડૂતો માટે આવકનું સાધન છે. આંમળાના વૃક્ષની વિશેષતા એ છે કે તે પ્રમાણમાં ઓછા પાણીમાં પણ ટકી શકે છે. જંગલી પ્રજાતિ સાથે સામ્યતા ધરાવતું આ વૃક્ષ વાતાવરણની પ્રતિકૂળ પરિસ્થિતિ સામે સારી સહનશક્તિ ધરાવે છે. સામાન્ય રીતે વાવેતરનાં પાંચેક વર્ષ પછી ફળ આપવાનું શરૂ કરે છે. યોગ્ય માવજત અને સંચાલન સાથે લાંબા સમય સુધી ઉત્પાદન આપવાની ક્ષમતા ધરાવે છે. બળવંતભાઈના જણાવ્યા મુજબ આમળાનું વૃક્ષ ૫૦ વર્ષ સુધી ટકી શકે છે. તેમના ખેતરમાં એક પરિપક્વ છોડમાંથી વર્ષે આશરે ૧૫૦ કિલો જેટલું ઉત્પાદન મળે છે. હાલ તેઓ વડોદરા અને સુરત સહિતનાં બજારોમાં આંમળાનું વેચાણ કરે છે. હોલસેલમાં પ્રતિ કિલો આશરે રૂ. ૪૦ જેટલો ભાવ મળે છે. હવે તો કંપનીઓ પણ સીધા ખેતરેથી મોટા જથ્થામાં ખરીદી માટે સંપર્ક કરે છે. એટલે વેચાણ માટે બજાર શોધવાની ચિંતા પણ પ્રમાણમાં ઓછી રહી છે.

માત્ર કાચા આંમળાના વેચાણ સુધી જ તેઓ મર્યાદિત નથી. તેઓ જાતે જ આંમળાનો જ્યુસ, કેન્ડી અને ચટપટી જેવી મૂલ્યવર્ધિત બનાવટો તૈયાર કરીને વેચાણ કરે છે. આમ એક જ પાકમાંથી કાચા ઉત્પાદન ઉપરાંત પ્રોસેસિંગ દ્વારા વધારાની આવક ઊભી કરી છે.

બળવંતભાઈના જણાવ્યા મુજબ આંમળાની ખેતીમાં રાસાયણિક જંતુનાશકો અને ખાતરોનો ઉપયોગ કર્યા વગર જીવામૃત અને ઘન જીવામૃતના ઉપયોગથી સારું ઉત્પાદન મેળવી રહ્યા છે. એકવાર વૃક્ષ સ્થાપિત થઈ જાય પછી દર વર્ષે નવા વાવેતરનો ખર્ચ રહેતો નથી. મજૂરી અને ખેતીના અન્ય ખર્ચનું પણ યોગ્ય આયોજન કરી શકાય છે. તેમની આ સફળતાની નોંધ માત્ર ગામ પૂરતી મર્યાદિત રહી નથી. અમરેલી, ભાવનગર અને રાજકોટ સહિતના વિસ્તારોમાંથી અનેક ખેડૂતોએ તેમના ખેતરની મુલાકાત લીધી છે. તેમની પાસેથી માર્ગદર્શન મેળવી ઓછામાં ઓછા ૧૦૦ જેટલા ખેડૂતોએ આંમળાનું વાવેતર પણ કર્યું છે.

ખેતી ક્ષેત્રે તેમના પ્રયોગો અને યોગદાનની કદરરૂપે ગુજરાત સરકાર દ્વારા તેમને વર્ષ ૨૦૨૦-૨૧માં સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આત્મા યોજના અંતર્ગત બેસ્ટ ફાર્મર એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. ખેડૂતો માટે એક વિચારવા જેવો સંદેશ છે કે આજે ખેતીમાં વધતા ખર્ચ, મજૂરોની અછત, પાણીની સમસ્યા અને બજારની અનિશ્ચિતતા વચ્ચે આમળા જેવા લાંબા ગાળાના બાગાયતી પાકો ખેડૂતો માટે એક સારો વિકલ્પ બની શકે છે. અલબત્ત, દરેક ખેડૂતે પોતાની જમીન, પાણી, આબોહવા, બજાર અને મૂડીને ધ્યાનમાં રાખીને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ જ વાવેતરનો નિર્ણય લેવો જોઈએ.

બળવંતભાઈ પટેલની સફળતા આપણને એક વાત શીખવે છે કે ખેતીમાં માત્ર આજની આવક નહીં, પરંતુ આવનારી પેઢીઓ માટે પણ આવકનું સાધન ઊભું કરવું જોઈએ.ખેડૂત જો માત્ર પાક નહીં, પરંતુ ભવિષ્યનું વૃક્ષ વાવવાનું શીખી જાય તો ખેતી પણ સમૃદ્ધિનો વારસો બની શકે છે! આવી પ્રેરણાદાયી આંમળાની ખેતી જોવા, જાણવા અને માર્ગદર્શન મેળવવા માટે સંપર્ક કરો શ્રી બળવંતભાઈ મોહનભાઈ પટેલ ગામ. કોઝણ કંપા, તાલુકો : સાઠંબા, જિલ્લો : અરવલ્લી મોબાઇલ : ૯૪૨૬૫ ૭૧૬૬૨

:: તિખારો ::

જેના ઉપર વિશ્વાસ છે તેની પાસે મદદ માગવાથી આપણું કામ થશે, એની કોઈ ખાતરી નથી. પરંતુ આપણી વાત જગતમાં ચર્ચાનો વિષય બની જાય છે એટલે દરેકની સામે હાથ લંબાવવા અને મદદ માંગવી એના કરતાં ખુમારી, પરિશ્રમ સાથે જીવવું અને ખોટા કે ટૂંકા રસ્તેથી કંઈ મેળવવા કરતા પરિશ્રમ કરીને સફળ બનવું. કોઈના તળિયા ચાટીને મેળવેલી સફળતા કરતાં ઈજ્જતથી મેળવેલી સફળતા લાંબા સમય સુધી ટકી રહે છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

અઠવાડીક ખેતી કાર્યો



હાલ વધુ પડતા વરસાદના કારણે અમુક પાક નિષ્ફળ જવાની શક્યતા રહેશે તો આ સમયે તે પાક કાઢી શિયાળુ પાકનું વાવેતર કરવું જોઈએ અને વાતાવરણમાં ઠંડક આવે ત્યારે શિયાળુ પાક વાવી દેવો. તેમાં પણ મોડું થાય તો વહેલી પાકતી જાતોનું વાવેતર કરવું. પલાળી ગયેલ પાકનું બિયારણ માટે રાખવું નહિ.

ખેડૂતો પોતે પોતાના ખેતરમાં કોઈ પણ નવો અખતરો એક વીઘા પુરતો કરવો જોઈએ જેમકે નવી જાત,નવી ભલામણ, જૈવિક દવાઓ,ખાતરો, બિયારણો, વાવેતર પધ્ધતિ, વગેરે.

● **જુદા-જુદા રસાયણોને મિશ્ર કરતા સમયે રાખવાની થતી સાવચેતી:**

● ૧. માત્ર બે જ રસાયણો તેમની સુસંગતતાની ચોક્કસ ખાતરી કરી પછી જ ભેળવવા.

● ૨. ક્યારે પણ જુદા-જુદા બે ઈમ્લસીફાયેબલ કોન્સન્ટ્રેટ (EC) સ્વરૂપને મિશ્ર છંટકાવ માટે પસંદ ના કરવા.

● ૩. ક્યારે પણ જુદા-જુદા બે વેટેબલ પાવડર (WP) સ્વરૂપને મિશ્ર છંટકાવ માટે પસંદ ના કરવા.

● ૪. ક્યારે પણ દાણાદાર અને પ્રવાહી સ્વરૂપને મિશ્ર છંટકાવ માટે પસંદ ના કરવા.

● ૫. શક્ય હોય તો મિશ્ર છંટકાવ માટેના બંને રસાયણો એક જ ઉત્પાદકના હોય તેનું ધ્યાન રાખવું.

● ૬. ઈમ્લસીફાયેબલ કોન્સન્ટ્રેટ (EC) અનેવેટેબલ પાવડર (WP) સ્વરૂપને મિશ્ર છંટકાવ માટે પસંદ ના કરવા અન્યથા પાક પર ઝેરી અસર થવાની શક્યતાઓ વધી જાય છે.

● ૭.રસાયણોની સુસંગતતા જાણવા/વધારવા માટે સુસંગત ચાર્ટનો ઉપયોગ કરવો.

જુરૂ:

● વાવેતર ૧૦ નવેમ્બર આસપાસ હવામાન જોઈ કરવું. એટલે ૫ નવેમ્બર થી ૨૫ નવેમ્બર સુધીમાં વાવેતર કરી દેવું.

● બીજ નો દર એક વીઘ માં ૧ કિલો થી ૧.૫ કિલો રાખવો કાર્બોક્સીન + થાયરમ મિશ્રણ વાઈટાવેક્સ ૩ ગ્રામ / કિલો મુજબ પટ્ટ આપ્યા પછી એક કલાકે વાવેતર કરવું.

● જીરૂમાં ટપક પધ્ધતિ અપનાવો તેમજ ૩૦-૧૫-૨૫ ના.- ફો.-પો./હે. આપો.

● વાવેતર વખતે ૪૩કિ.ગ્રા. ડીએપી અને ૨૦ કિ.ગ્રા. યુરીયા આપવું.

● બીજને ૮ કલાક પાણીમાં પલાળી છાયામાં સુકવી ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ થાયરામનો પટ આપવો.

● જીરુમાં થ્રીપ્સના નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના ૬૦ ગ્રામ જીવાત દેખાય ત્યારે છંટકાવ કરવો.

ઘઉં:

● ઘઉંના ૧ કિલોગ્રામ બીજને ૩ ગ્રામ કેપ્ટાન અથવા થાયરમ દવાનો પટ આપી વાવેતર કરવું.

● ઘઉંમાં૫૦ કિલોગ્રામ પોટાશ તેમજ ૨૫ કિલોગ્રામ જીંક સલ્ફેટ આપવાથી ઉત્પાદનમાં વધારો થાય છે.

● મોડામાં મોડી વાવણી ૨૫ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર વચ્ચે કરાવી.

● મધ્યમ કાળી ચુનાયુક્ત જમીન માટે ૬૫ કિલો યુરીયા પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે આપવું.

તુવેર:



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

● ફૂલ અને શીંગોને નુકસાન કરતી જીવાતોનું નિયંત્રણ તુવેર અને અન્ય કઠોળ પાકોમાં ૫૦ ટકા ફૂલ બેસવાની અવસ્થાએ અને ત્યારબાદ ૧૫ દિવસે નીચે પૈકીની કોઈપણ એક દવાનો ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

● કવીનાલફોસ ૨૦ મિ.લિ. અથવા સ્પીનોસાડ ૨ મિ.લિ. અથવા થાયોડીકાર્બ ૧૦ ગ્રામ અથવા ફ્લુબેન્ડીયામાઈડ ૨ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૧.૫ મિ.લિ. અથવા ઈમામેકટીન બેન્ઝોએટ ૨ ગ્રામ.

● બિનપિયત પાકમાં કવીનાલફોસ ૧.૫ ટકા ભૂકીરૂપ દવા હેકટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે છંટકાવ કરવો.

● શીંગ કોરનારી ઈયળ વધારે ઉપદ્રવ હોય તો બઝારમાં મળતી નવી જંતુનાશકો જેવિકે ક્લોરાન્ટ્રાનિલિપોલ ૨૦ એસસી ૩ મિ.લિ. અથવા ઈન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઈસી ૫ મિ.લિ. અથવા ઈમામેકટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાથી સારૂ નિયંત્રણ મેળવી શકાય.

ચણા :

● જૂનાગઢ યુનિવર્સીટી દ્વારા ચાની બે જાત ૨૦૨૩મા વિકસાવવામાં આવેલ છે જેમાં

SS-8 ગુજરાત ચણા-૮ તેને સોરઠ વિક્રમ પણ કહી શકાય. આ જાત પિયત અને બિન પિયત એમ બન્ને વિસ્તાર માટે ભલામણ છે.આ જાત સુકારા અને સ્ટંટ રોગ સામે પ્રતિકાર ધરાવે છે.આ જાત માં અન્ય જાતો કરતા લોહ તત્વ વધુ હોયછે. છોડ ઊંચા હોવાથી હાર્વેસ્ટર થી કાપણી કરી શકાય.

● **કાબુલી ચણા** : ગુજરાત કાબુલી ચણા-૨ જેને જીકેજી -૨ પણ કહે છે .આ જાત વહેલી પાકતી જાત છે.જેને સોરઠ કાબુલી-૨ પણ કહે છે.દાણા મોટા હોય છે તે સુકારા અને સ્ટંટ રોગ સામે પ્રતિકાર ધરાવે છે.બીજું પિયત ૧૫ થી ૨૦ દિવસે અને ત્રીજી પિયત ૩૫ થી ૪૦ દિવસે ફુલ બેસે ત્યારે આપવું.

● શીંગ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે પોલીટ્રીન ૪૦% ઈસી ૧૫ મિલી અથવા એસીફેટ ૭૫% ઈસી ૧૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

ધાણા:

● ગુજરાત ધાણા-૧ અથવા ૨ નું વાવેતર કરવું તેમજ લીલા ધાણા કે કોથમીર માટે શીતલ જાતનું વાવેતર કરવું.

● વાવેતર નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં કરવું અને બીજનો દર ૨૦ કી.ગ્રા. પ્રતિ હેકટરે રાખવો.

● ધાણાના ફાડીયા કરી સૂર્યના તાપમાં તપાવી ૧૦ થી ૧૨ કલાક પાણીમાં પલાળી સુકવ્યા બાદ વાવતેર કરવું.

મગ :રવિ ઋતુના બિન પિયત કાળા માગ જીબી એમ-૧ નું વાવેતર કરવા નવસારી કૃષિ યુનીવર્સીટી- તણછાનો સંપર્ક કરો.

બટાકા:

● બટાકાનું વાવેતર ૧૫ નવેમ્બર આજુબાજુ કુફરી બાદશાહ,કુફરી પુખરાજ અથવા કુફરી લૌકરનું વાવેતર કરવું.

● વાવતા પહેલા ૧ કિલો મેન્કોઝોલ અને ૫ કિલો શંખજીરું નું મિશ્રણ બનાવી કાપેલા ભાગ ઉપર ભભરાવી વાવેતર કરવું.

● બટાટાનું વાવેતર નવેમ્બર માસના બીજા અઠવાડીયાથી ચોથા અઠવાડીયા સુધીમાં કરવું.

પાપડી :દક્ષિણ ગુજરાતના ખેડૂત માટે પાપડી જી.એન.આઈ. બી.-૨૨ નું વાવેતર કરવું.બીજને રાઈઝોબીયમનો પટ આપીને વાવેતર કરવું.

લીબુ:-લીંબુનું પાન કોરીયું અને કાળી માખીનું નિયંત્રણ માટે ઈમીડાકલોરાપ્રાઈડ ૪ મીલી/ ૧૦ લી. પાણીમાં નાખી બે છંટકાવ ૧૫ દિવસના ગાળે કરો.

જામફળ :ફળ માખીના નિયંત્રણ માટે ૫૦ લીટર પાણીમાં મેલાથીઓન ૫૦% ઈસી ૧૦ મીલી અને ૪૦૦ ગ્રામ ગોળ ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

દાડમ :દાડમના પાકમાં વરસાદ પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ડાળીની ટોંચ પરથી ૩૦ સેમી સુધી છટણી કરવાથી અને ચોખ્ખો નફો મળે છે.

કેળ : ● કેળની રોપણીના ખાડા દીઠ ૧૦ કિગ્રા છાણીયુ ખાતર આપવું.

મરચી : ગ્રીન હાઉસમાં કેપ્સીકમ મરચીમાં ૨૦ થી ૨૫ દિવસે છોડની અગ્રકલિકા દૂર કરવી.

રીંગણી : ડોલી-૫, જૂનાગઢ લોંગ, ગુ.રી.હા.-૧, જી.આર.બી.-૫ નું વાવેતર કરવું

દુધી : મધ્ય ગુજરાતના ખેડૂતો માટે ગુજરાત આણંદ સંકર દુધી-૧ (જીએબીજીએચ-૧) નું વાવેતર કરવું.

ટમેટા: મધ્ય ગુજરાતના ખેડૂતોને ગુજરાત આણંદ ટમેટા-૫(જીએટી-૫)નું વાવેતર કરવું.

લસણ : ગુજરાત લસણ-૮ જેને સોરઠ મોહિની પણ કહે છે. તે બીજી જાતો કરતા વધુ ઉત્પાદન આપે છે.

● ૬૦ ટકા છાપાવાળા સફેદ નેટ હાઉસમાં ટમેટાની અનિયંત્રીત વૃધ્ધીવાળી જાતની ખેતી કરવાથી વધુ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવી શકાય.

● પાનનો કોકડવા તથાફળ કોરી ખાનારી ઈયળમાં નિયંત્રિત જાતો કરતા સારી પ્રતિકારક છે.

● ભૂકીછરાનાં નિયંત્રણ માટે પાકમાં રોગની શરૂઆત થાય એટલે દ્રાવ્ય ગંધક ૮૦% વાળો ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

● **પ્રકાશ પિજર : ● પ્રકાશ પિંજર:** આ એક યાત્રિક પધ્ધતિ છે જેના દ્વારા પાકને હાનિકારક જીવાતોનો નાશ કરવામાં આવે છે. જે જીવાત નિશાચર હોય છે તે પ્રકાશ તરફ આકર્ષાય છે. આ રીતે તેમને આકર્ષિત કરીને ઉપદ્રવ ઘટાડવામાં આવે છે. લાઈટનો બલ્બ રાત્રે ચાલુ કરીને તેની નીચે એક મોટા વાસણમાં પાણીની સાથે ૧ કેરોસીન અથવા જંતુનાશક દવા ભેળવી મૂકવામાં આવે છે જેથી જીવાત તેમાં પડીને મરી જાય છે. આ પ્રકારે જો બધા જ ખેડૂતો મળીને સામૂહિક ધોરણે આ પ્રયાસ અપનાવે તો જીવાત પર નિયંત્રણ કરી શકાય છે.

● **ફેરોમેન ટ્રેપ:**

● ફેરોમેન ટ્રેપ દ્વારા પાકની મુખ્ય જીવાતોના નરને માદા જીવાત જેવી ગંધ (કાર્બનિક રસાયણ)ની લાલચ આપી આકર્ષીને નાશ કરવામાં આવે છે. આ પધ્ધતિમાં ફક્ત પુખ્ત કીટકોને નષ્ટ કરી શકાય છે. આ પ્રક્રિયાથી જીવાતની મોજણી પણ કરી શકાય છે અને તેમની સંખ્યા અનુસાર બીજી પધ્ધતિઓ દ્વારા તેમનું નિયંત્રણ પણ થઈ શકે છે. આ પ્રક્રિયામાં જીવાતની માદા દ્વારા છોડવામાં આવતી ગંધના જેવી ગંધવાળુ લ્યુર લગાવીને નર જીવાત (કીટકો)ને આકર્ષી શકાય છે. ગંધથી નર કીટકો ઉત્તેજીત થઈ ટ્રેપ પાસે જાય છે અને તેમાં ફસાઈ જાય છે.

ચણાની જાતો અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ



ચણા એ ગુજરાતનો મુખ્ય શિયાળુ પાક છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં ૮.૫૦ લાખ હેક્ટરમાં વાવેતર થયેલ હતું, જેમાંથી ૧૪.૭૯ લાખ ટન ઉત્પાદન પ્રતિ હેક્ટરે ૧૭૪૧ કિલોની ઉત્પાદકતા મુજબ પ્રાપ્ત થયેલ. ગુજરાતમાં ચણા પિયત તેમજ બિનપિયત તરીકે વાવેતર કરવામાં આવે છે. ગુજરાતમાં કાબુલી ચણાનું વાવેતર ખૂબ જ નહિવત વિસ્તારમાં થતું હતું, પરંતુ ખેડૂતોને સારા ભાવ મળવાથી તેમજ માંગ વધવાથી હવે ધીમે-ધીમે કાબુલી ચણાનો વાવેતર વિસ્તાર વધતો જાય છે. શાકાહારી લોકોને પ્રોટીન મેળવવા માટે કઠોળ પાકો અગત્યના છે, જેમાં ચણા મુખ્ય કઠોળ પાક છે. ચણામાં ૧૮ થી ૨૦ ટકા પ્રોટીન હોય છે. ચણા જમીનમાં પ્રતિ હેક્ટરે ૬૦ થી ૧૩૦ કિલોગ્રામ નાઈટ્રોજન ઉમેરે છે. ચણાના પાકનું ખેતી ખેંચ, ઘઉં જેવા પાકની સરખામણીએ ઓછું આવે છે. ચણાનો મુખ્ય ઉપયોગ બેસન (લોટ) બનાવવામાં થાય છે, પરંતુ તેની વેલ્યુ એડેડ પ્રોડક્ટ (કિંમતમાં વધારો કરતી પેદાશ) જેવી કે દાળીયા, લીલા જીંજરા પણ મહત્વની છે. ● ચણાની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ **૧. જમીન:** સારી ભેજ સંગ્રહ શક્તિ ધરાવતી, કાળી અથવા મધ્યમ કાળી કાંપવાળી જમીનમાં ચણા ખૂબ જ સારા થાય છે. આમ છતાં ગોરાડુ અને રેતાળ જમીનમાં પણ આ પાક વાવી શકાય છે. જ્યાં ખારા ભૂગર્ભ જળનું સ્તર બહુ ઊંચું ન હોય અને જમીન ખારી ન હોય ત્યાં ચણા સારા થાય છે. **૨. આબોહવા:** ચણા એ ઠંડી અને સૂકી પરિસ્થિતિમાં થતો પાક છે, જે પાણીની ખેંચ અને ઓછી માવજત સામે પણ ટકી શકે છે. દિવસની લંબાઈ અને ઉષ્ણતામાનની સ્થિતિ પરથી આ પાકની અવધિ નક્કી થાય છે, જેની ઉત્પાદન પર પ્રબળ અસર પડે છે. ગુજરાત જેવા પ્રદેશો કે જ્યાં ઠંડીનું પ્રમાણ અને ઠંડીના દિવસો ઓછા છે, ત્યાં સાડા ત્રણ થી ચાર મહિનામાં પાકી જતો આ પાક ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણા જેવાં રાજ્યોમાં વધારે સમય લે છે. વાવણી વખતે ૨૫° થી ૩૦° સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન અનુકૂળ છે. જો માવઠું કે વાદળવાળું હવામાન હોય તો નુકશાન થાય છે. મોસમ દરમ્યાન પૂરતી ઠંડી ન પડે કે ગરમી વધી જાય તો ઉત્પાદન પર અવળી અસર પડે છે. ૩. જમીનની તૈયારી: જમીનમાં જરૂરિયાત મુજબ ખેડ કરી અને સમાર મારી જમીન તૈયાર કરવી. **૪. વાવેતર સમય, અંતર અને બિયારણ દર: વાવેતર સમય:** ● **પિયત:** ૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર સુધી ● **બિનપિયત: ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયાથી વાવેતર અંતર:** ● **પિયત:** ૪૫ × ૧૦ સે.મી. ● બિનપિયત: ૩૦ × ૧૦ સે.મી. **બિયારણનો દર:** ● દેશી ચણા: ૬૦-૭૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર ● **કાબુલી ચણા:** ૧૦૦-૧૨૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર ૫. બીજ માવજત: થાયરમ / કેપ્ટાન / કાર્બેન્ડાઝીમ જેવી ફૂગનાશક દવા ૩ ગ્રામ પ્રતિ ૧ કિ.ગ્રા. પ્રમાણે બીજને પટ આપવો. ત્યાર બાદ બીજને રાઈઝોબીયમ કલ્ચરનો ૨૫૦ મિ.લિ. પ્રતિ ૮ થી ૧૦ કિ.ગ્રા. બીજ પ્રમાણે પટ આપવો. (નોંધ: પ્રથમ ફૂગનાશક દવાનો પટ આપવો, પછી જંતુનાશક દવાનો પટ આપવો અને છેલ્લે ૨ કલાક બાદ રાઈઝોબીયમ કલ્ચરનો પટ આપવો.) ૬. ખાતર વ્યવસ્થાપન: સેન્દ્રિય ખાતર: જમીન તૈયાર કરતી વખતે હેક્ટરે ૮ થી ૧૦ ટન સારું કોહવાયેલું છાણીયું ખાતર આપવું.

રાસાયણિક ખાતર: પાયાના ખાતર તરીકે હેક્ટરે ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન, ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ આપવું (૮૭ કિ.ગ્રા. ડી.એ.પી. અને ૧૦ કિ.ગ્રા. યુરિયા પ્રતિ હેક્ટરે).

જો સલ્ફરની ઉણપ હોય તો જમીનમાં હેક્ટરે ૨૦ કિ.ગ્રા. સલ્ફર પાયાના ખાતર તરીકે આપવું. ૭. પિયત વ્યવસ્થાપન: ઘેડ અને ભાલ ઉપરાંત ચરોતરની કયારીની જમીનમાં ચોમાસા બાદ જે ભેજ સંગ્રહાયેલો હોય છે, તેનો ઉપયોગ કરીને જ બિનપિયત ચણા લેવામાં આવે છે. જ્યારે પિયત ચણામાં પ્રથમ પિયત વાવેતર બાદ તુરંત અને બીજું પિયત ૬ થી ૭ દિવસે આપ્યા બાદ પાકની **કટોકટીની અવસ્થાઓ જેવી કે:** ડાળીઓ ફૂટવી , ફૂલ આવવા , પોપટા આવવા દાણા ભરાતી વખતે જરૂરિયાત મુજબ જમીનના પ્રકાર મુજબ પિયત આપવું. ૮. નિંદામણ અને આંતરખેડ ચણાના પાકને જરૂરિયાત મુજબ ૨ થી ૩ વખત હાથથી નિંદામણ અને આંતરખેડ કરવી. જો ખેતમજૂરોની અછત હોય તો રાસાયણિક નિયંત્રણ માટે વાવેતર બાદ તુરંત (ચણા ઊગતા પહેલાં) પેન્ડીમીથીલીન (સ્ટોમ્પ) (૧૦ લિટર પાણીમાં ૫૫ મિ.લિ.) દવા હેક્ટરે ૧ કિ.ગ્રા. સક્રિય તત્વ મુજબ ૫૦૦ થી ૬૦૦ લિટર પાણીમાં ભેળવી છાંટવાથી નિંદામણ નિયંત્રણ થાય છે. **(ક્રમશ:)**

મિલન જી. નંદાણીયા, ડી. એન. હડિયા,
ડો. વૈશાલી વી. બીરારી અને ડો. પી. એન. રાઠવા,
અસ્પી કૃષિ મહાવિદ્યાલય, જૂ. કૃ. યુ. ખાપટ- પોરબંદર

માઇક્રોગ્રીન્સ જાતે જ ઉગાડીએ અને આહારમાં નવીનતા લાવીએ



હાલના સમયમાં ભારત જેવા દેશમાં શાકાહારી લોકો માટે તાજા અને રસાયણમુક્ત શાકભાજી ખૂબ જ અગત્યનો વિષય છે. ભારત જેવા વિકાસશીલ દેશોમાં, અંદાજે ૧૩.૫% જેટલા લોકો કુપોષિત છે. હાલમાં આપણી આવક, જીવનશૈલી અને ખર્ચના સંદર્ભમાં જીવન જીવવાની રીત આર્થિક વિકાસ સાથે ઝડપથી બદલાઈ રહી છે. જે આપણને પોષક તત્વોની ઉણપથી થતા અસંખ્ય જીવલેણ રોગોના પડકાર તરફ દોરી જાય છે. આ પડકારનો સામનો કરવા માટે આપણે પોષણયુક્ત આહાર પર ધ્યાન આપવું જ પડે તેમ છે અને સામાન્ય રીતે નાના છોડથી મોટા છોડ તરફ જતા ઘટતું હોય છે. જે આરોગ્યવર્ધક અને રોગપ્રતિકારક ક્ષમતાનો ગુણધર્મ ધરાવે છે જેથી આપણે તેને કાર્યક્ષમ ખોરાક કહી શકીએ છે.

જે લગભગ ૧૦-૧૫ દિવસમા તૈયાર થઈ જાય છે અને ૫-૧૦ સેમી લાંબા હોય છે. જેને જમીન અથવા સપાટીની થોડી ઉપરથી કાપી લેવામાં આવે છે. માઈક્રોગ્રીન્સ પોષણ અને એન્ટીઓક્સીડન્ટથી ભરપુર હોય છે, પોષણની દ્રષ્ટીએ જોઈએ તો વિટામિન એ,સી,કે,એ વિટામિન બિ-૧,બી-૨,બી-૫,બી-૬, બી-૯ જેવા બી ગ્રુપના વિટામીનો પણ સારી માત્રામાં રહેલા છે. ઉપરાંત પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, સોડિયમ અને ફોસ્ફરસ જેવા ખનીજતત્વોનું પ્રમાણ ખુબ સારી માત્રામાં રહેલ છે જ્યારે માઈક્રોએલિમેન્ટ્સ જેવાકે આયર્ન, મેંગેનીઝ, કોપર, ઝીંકનું પ્રમાણ પણ જોવા મળે છે અને જો તેને આહારમાં સામેલ કરવામાં આવે તો વાનગીમાં સ્વાદ વધારી દે છે. તેમજ તેનાથી વાનગીઓમાં નવીનતા લાવી શકાય છે, નિષ્ણાંતોના કહેવા અનુસાર માઈક્રોગ્રીન્સમાં તૈયાર છોડ કરતા ૪૦ ગણા વધુ પોષક તત્વો હોય છે તેથી પોષણ યુક્ત આહાર બનાવવા માટે ખુબ જ ઉપયોગી છે વળી તેઓ જુદા જુદા રંગોના હોવાના કારણે વાનગીઓનો દેખાવને પણ આકર્ષક બનાવે છે. ખાસ કરીને કોરોનાના સમય બાદ તેની માંગમાં ઘણો વધારો થયેલ છે માઈક્રોગ્રીન્સમાં આપણે મૂળા, સરસવ(રાય), તાંદળજો, ગાજર, બીટ, ધાણા, બ્રોકોલી, વટાણા, મીઠી મકાઈ, બ્રોકલી, સુવા, મેથી, અળસી, વરીયાળી, લાલ કોબીજ જેવા શાકભાજીના બીજને વાવીને માઈક્રોગ્રીન્સ તૈયાર કરી શકીએ છીએ તેમજ મસાલા પાકો અને ધાન્ય પાકોના બીજમાંથી પણ આપણે માઈક્રોગ્રીન્સ બનાવી શકીએ છીએ અને આપણા આહારમાં ઉપયોગ કરી શકીએ છીએ.

તાજેતરના વર્ષોમાં આપણા વપરાશ માટે તાજા અને જંતુનાશક અવશેષો મુક્ત શાકભાજી પણ મળવા મુશ્કેલ છે તો ચાલો આપણે જંતુનાશક મુક્ત હોય અને પોષણ ભરપુર હોય એવા માઈક્રોગ્રીન્સ વિષે આજે થોડું જાણીએ તો માઈક્રોડ એટલે કસુક્ષ્મણ અને ગ્રીન્સર એટલે લીલુફ અથવા કુલીલો તરીશે. આ મુજબ સુક્ષ્મ લીલોતરી ઉગાડવાની પધ્ધતિ એટલે માઈક્રોગ્રીન્સની ખેતી,કોઈપણ પ્લાન્ટની શરૂઆતી પતીઓને માઈક્રોગ્રીન્સ કહે છે આને યુવા શાકભાજી તરીકે પણ ઓળખી શકાય. દુનિયાભરમાં વ્યાપારીક ધોરણે ૨૫ કરતા પણ વધારે માઈક્રોગ્રીન્સ ઉત્પાદિત થાય છે. છોડની અલ અલગ અવસ્થામાં છોડમાંથી મળતા પોષક તત્વોનું પ્રમાણ અલગ અલગ હોય છે. જે માઈક્રોગ્રીન્સનો વપરાશ તેના નાજૂક નિર્માણ, વિશિષ્ટ તાજા સ્વાદ સાથે ગ્રાહકની જાગૃતિ અને પ્રસંશા સાથે વધતો જાય છે અને તેમાં પુર્ણ પાંદડાવાળા શાકભાજીની સરખામણીમાં વધારે પ્રમાણમાં વિટામિન, મિનરલ્સ અને એન્ટિઓક્સિડન્ટસ આવેલા છે. માઈક્રોગ્રીન્સ એ જલ્દી બગડી જતાં ખાદ્ય ખોરાક છે. તેને લાંબા સમય માટે ખુલ્લામાં અથવા તો ફ્રીજમાં સંગ્રહી શકાય નહીં. આ સમસ્યાને દૂર કરવા અને વ્યાપારિક ઉપયોગિતા ખાતર તેને 'જીવંત માઈક્રોગ્રીન્સ' તરીકે વેચવામાં આવે છે. હાલના સમયમાં માઈક્રોગ્રીન્સની વ્યાપારિક ઉપયોગિતા વધારવા માટે તેનું સારી રીતે પેકિંગ કરવું જરૂરી છે.

ડો. આર.કે.કાલરીયા, અસ્પી શકીલમ બાયોટેકનોલોજી
ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત -૩૯૫૦૦૭

ઇઝરાયલમાં ગાડી આઇઝેનકોટને સરકાર બનાવવાનું ઔપચારિક આમંત્રણ અપાયું

તેહેરાન,તા.૦૮



ઇઝરાયલમાં રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગે 'યાશર' પાર્ટીના અધ્યક્ષ ગાડી આઇઝેનકોટને નવી સરકાર બનાવવાની જવાબદારી સોંપવાનો નિર્ણય કર્યો છે. રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનારા એક સમારોહમાં તેમને સરકાર રચવા માટે ઔપચારિક રીતે આમંત્રણ આપવામાં આવશે. આ નિર્ણય વર્તમાન વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ માટે મોટો આંચકો માનવામાં આવે છે.

સંસદ (નેસેટ) ના ૬૭ સાંસદોએ આઇઝેનકોટનું સમર્થન કર્યું છે, જ્યારે ૪૬ સાંસદોએ નેતન્યાહૂની લિકુડ પાર્ટીની ભલામણ કરી હતી. આઇઝેનકોટ પાસે ગઠબંધન સરકાર રચવા માટે ૨૮ દિવસનો સમય રહેશે.

ચૂંટણીમાં નેતન્યાહૂની પાર્ટી ૨૭ બેઠકો જીતી સૌથી મોટી પક્ષ બની હતી, પરંતુ તેમનું ગઠબંધન બહુમતી માટે જરૂરી ૬૧ ના આંકડાથી દૂર રહ્યું. બીજી તરફ, ૨૧ બેઠકો મેળવનાર આઇઝેનકોટને વિપક્ષી પક્ષો અને આરબ જૂથોનું સમર્થન મળ્યું છે. જોકે, જુદી જુદી વિચારધારા ધરાવતા પક્ષોને એકસાથે લાવી બહુમતી સાબિત કરવી આઇઝેનકોટ માટે પડકારજનક રહેશે.

રાજકોટ શહેરમાં BAPS મંદિર ખાતે પરંપરાગત ચોપડા પૂજનનું આયોજન

રાજકોટ,તા.૦૮



દિવાળીના પવિત્ર તહેવાર નિમિત્તે રાજકોટના કાલાવડ રોડ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય અને પરંપરાગત ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી શાસ્ત્રોક્ત વિધિથી નવા હિસાબી વર્ષ માટે ચોપડા પૂજન કર્યું હતું.

આજના આધુનિક યુગમાં ડિજિટલ એકાઉન્ટિંગ અને લેપટોપનો વપરાશ વધ્યો હોવા છતાં ચોપડા પૂજનનું ધાર્મિક મહત્વ જળવાઈ રહ્યું છે. વેપારીઓએ પરંપરાગત ચોપડાઓની સાથે આધુનિક ડિજિટલ સાધનોનું પણ પૂજન કરી ભારતીય સંસ્કૃતિ અને ટેકનોલોજીનો સુભગ સમન્વય દર્શાવ્યો હતો. વેપાર-ધંધામાં પારદર્શિતા, પ્રામાણિકતા અને સમૃદ્ધિ રહે તેમજ વિઘ્નો દૂર થાય તે માટે ભગવાન ગણેશ અને માતા લક્ષ્મીની પ્રાર્થના કરવામાં આવી હતી. આ આયોજને બદલાતા સમય સાથે પરંપરા અને સાંસ્કૃતિક મૂલ્યોને જીવંત રાખવાનો સુંદર સંદેશ આપ્યો હતો.

બાપા સીતારામ પરોઠા અને નાસ્તા હાઉસ ખાતે તાજા તથા સ્વાદિષ્ટ દેશી નાસ્તાનું આયોજન

અમરેલી,તા.૦૮



ખાદ્યપ્રેમીઓ માટે પરંપરાગત ગુજરાતી અને કાઠિયાવાડી વાનગી પીરસતું ''બાપા સીતારામ પરોઠા & નાસ્તા હાઉસ'' આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અહીં ગ્રાહકો માટે સવારનાં સમયે તાજો અને ગરમાગરમ દેશી નાસ્તો પૂરો પાડવામાં આવે છે.નાસ્તા હાઉસમાં બટેટા પૌવા, ગરમાગરમ ભાખરી, થેપલાં અને મસાલેદાર સૂકી ભાજી જેવી અનેકવિધ સ્વાદિષ્ટ વાનગીઓ ઉપલબ્ધ છે. સ્વચ્છતા અને શુધ્ધતા સાથે પૌષ્ટિક નાસ્તો પીરસવા માટે આ સ્થળ લોકોમાં ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યું છે.

કર્ણાટકમાં પેટ્રોલમાં વધુ ઈથેનોલ ભેળવવાના મુદ્દે ડી.કે. શિવકુમારે તપાસના આપ્યા સંકેત

બેંગલુરુ,તા.૦૮



કર્ણાટકમાં પેટ્રોલમાં નિર્ધારિત મર્યાદા કરતાં વધુ ઈથેનોલના ભેળસેળનો વિવાદ ઘેરો બન્યો છે. નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમારે જણાવ્યું છે કે રાજ્યના કેટલાક પેટ્રોલ પંપો પર ૨૬ થી ૩૧ ટકા સુધી ઈથેનોલનું મિશ્રણ થતું હોવાનું સામે આવ્યું છે, જેનાથી હજારો વાહનોના એન્જિન ખરાબ થવાની ફરિયાદો મળી છે. આ મામલે સંબંધિત મંત્રી ટૂંક સમયમાં સંપૂર્ણ તપાસ રિપોર્ટ રજૂ કરશે.

બીજી તરફ, કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલય અને સરકારી તેલ કંપનીઓએ આ આરોપોને ફગાવી દીધા છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશભરમાં એકત્ર કરાયેલા ઈ-૨૦ (૨૦% ઈથેનોલ) પેટ્રોલના નમૂના તમામ ગુણવત્તાના ધોરણો પર ખરા ઉતર્યા છે. તેલ કંપનીઓના જણાવ્યા મુજબ, ઈથેનોલ મિશ્રણની પ્રક્રિયા પૂર્ણપણે ઓટોમેટેડ અને નિયંત્રિત હોય છે, જેથી તેમાં કોઈ મેન્યુઅલ ભેળસેળ શક્ય નથી.

અમરેલીનાં શ્રીજી સ્વીટ માર્ટ ખાતે દિવાળી પર્વે સ્વાદિષ્ટ વાનગીઓ અને સ્પેશિયલ માટલા ઊંધિયાની ધૂમ


બેસતા વર્ષના શુભ દિવસે ગ્રાહકો માટે સ્પેશિયલ કાજુ લસણ કળીનું શાક પણ તૈયાર કરવામાં આવશે

અમરેલી,તા.૦૮

દિવાળીના પાવન પર્વ નિમિત્તે અમરેલી સ્થિત 'શ્રીજી સ્વીટ માર્ટ' દ્વારા ગ્રાહકો માટે વિવિધ પ્રકારની મીઠાઈઓ અને સ્વાદિષ્ટ વાનગીઓનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે.અહીં આલમંડ પિઝા, ડ્રાયફ્રૂટ હની ચીક્કી, ગુલાબ ગુલકંદ ચીક્કી, ગુંદી લાડુ, મોહનથાળ, અડદીયા, કાજુકતરી અને લીલા શ્રીફળનો ટોપરાપાક ઉપલબ્ધ છે.આ ઉપરાંત, દિવાળીથી લાભ પાંચમ સુધીનું વિશેષ આકર્ષણ 'માટલા ઊંધિયું' રહેશે. તેમજ બેસતા વર્ષના શુભ દિવસે ગ્રાહકો માટે સ્પેશિયલ કાજુ લસણ કળીનું શાક પણ તૈયાર કરવામાં આવશે. જૈન દેરાસર પાસે, જૂની બજાર, અમરેલી ખાતે આવેલું આ સ્વીટ માર્ટ પૌષ્ટિક વાનગીઓ માટે જાણીતું છે.

કચ્છના કોડાય પોલીસ સ્ટેશનનો હેડ કોન્સ્ટેબલ રૂ.૭૦,૦૦૦ની લાંચ લેતા ઝડપાયો

ભુજ,તા.૦૮



પશ્ચિમ-કચ્છના કોડાય પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ દલજીભાઈ ચૌધરી (ઉં.વ. ૩૨)ને રૂ. ૭૦,૦૦૦ની લાંચ લેતાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે.

ભૂસ્તરશાસ્ત્રી અને કોર્ટમાંથી કાયદેસરનો હુકમ હોવા છતાં, ડિટેઇન કરાયેલા ખનીજ ભરેલા આઇવા ડમ્પર છોડવા અને તેની ચાવીઓ સોંપવા માટે હેડ કોન્સ્ટેબલે રૂ. ૨ લાખની માંગણી કરી હતી. બાદમાં રૂ. ૧ લાખ નક્કી થયા હતા, જેમાંથી રૂ. ૩૦,૦૦૦ અગાઉ ચૂકવી દેવાયા હતા.

બાકીના રૂ. ૭૦,૦૦૦ આપવા ન માંગતા ફરિયાદીએ ભુજ ACBનો સંપર્ક કર્યો હતો. ૭ નવેમ્બરના રોજ ગોઠવાયેલા છટકામાં, કોડાય પોલીસ મથકે રૂ. ૭૦,૦૦૦ની લાંચ સ્વીકારતાં જ ACBની ટીમે હેડ કોન્સ્ટેબલને લાંચની રકમ સાથે ઝડપી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

શિખર સંમેલનમાં ટ્રમ્પ, શી જિનપિંગ અને પુતિન વચ્ચે G-3 બેઠકની સંભાવના

બેઇજિંગ, તા.૦૮



ચીને પહેલીવાર સત્તાવાર પુષ્ટિ કરી છે કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે ઐતિહાસિક ત્રિપક્ષીય (G-3) બેઠક યોજવા અંગે સંબંધિત પક્ષો સાથે વાતચીત ચાલી રહી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે આ મહિને શેનઝેનમાં યોજાનારા શિખર સંમેલન દરમિયાન આ સમિટ થઈ શકે છે.

ભૂ-રાજકીય નિષ્ણાતોના મતે, યુક્રેન અને મધ્ય પૂર્વના તણાવ વચ્ચે જો આ ત્રિપક્ષીય મુલાકાત થશે તો તે ચીન અને રશિયા માટે મોટી રાજદ્વારી સફળતા સાબિત થશે, કારણ કે તે ચીનને અમેરિકા સમકક્ષ વૈશ્વિક મહાસત્તા તરીકે સ્થાપિત કરશે.

બેઇજિંગ ખાતે એશિયા-પેસિફિક આર્થિક સહયોગ (APEC) સમિટ દરમિયાન ત્રણેય નેતાઓ વચ્ચે આ પ્રસ્તાવિત મુલાકાત યોજાય તેવી સંભાવનાઓ છે.

બહુચરાજી મંદિરની દાનપેટીમાં ૧૦ દિવસમાં રૂ.૨.૨૫ કરોડથી વધુ રકમની આવક

બહુચરાજી,તા.૦૮



ગુજરાતના પ્રસિધ્ધ યાત્રાધામ બહુચરાજી મંદિરમાં ભક્તોની અગાધ આસ્થાનો ચમત્કાર જોવા મળ્યો છે. મંદિરમાં છેલ્લા અઢી વર્ષ દરમિયાન દાનપેટીઓમાં એકત્ર થયેલી રકમની ગણતરી હાથ ધરવામાં આવી છે, જેમાં માત્ર ૧૦ દિવસમાં જ રૂ. ૨.૨૫ કરોડથી વધુનું રોકડ દાન મળી આવ્યું છે. કલેક્ટર અને મામલતદાર સહિતના વહીવટી અધિકારીઓની હાજરીમાં પારદર્શક રીતે ગણતરીની કામગીરી હાથ ધરાઈ છે. મોટો આંકડો હોવાથી દાનની ગણતરી હજુ પણ સતત ચાલુ છે. દિવાળી બાદ પણ બાકી રહેલી રકમ ગણવામાં આવશે, જેથી કુલ દાનનો આંકડો વધુ વધવાની શક્યતા છે. અઢી વર્ષમાં એકત્ર થયેલા દાનની આ રકમ બહુચરાજી માતાજીના ધામ પ્રત્યે શ્રધ્ધાળુઓની અતૂટ આસ્થા દર્શાવે છે. સંપૂર્ણ ગણતરી પૂર્ણ થયા બાદ જ દાનની આખરી રકમ જાહેર થશે.


અલ્પેશ ઠાકોરની ૨૦૦૦ ગામડાંમાં પદયાત્રાથી રાજકારણમાં ગરમાવો

અમદાવાદ,તા.૦૮

ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અને ઠાકોર સમાજના નેતા અલ્પેશ ઠાકોરે ૨૦૦૦થી વધુ ગામડાંઓમાં પદયાત્રા યોજવાની જાહેરાત કરતાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. એક પોડકાસ્ટમાં તેમણે ખુલ્લા મને સ્વીકાર્યું કે તેઓ મંત્રી બનવાની ઈચ્છા ધરાવે છે. તેમણે પદયાત્રાને કોઈ રાજકીય શક્તિ પ્રદર્શન નહીં પરંતુ દારૂબંધી, શિક્ષણ અને યુવાનોના રોજગાર માટેની 'તપસ્યા' ગણાવી છે. જોકે, ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં આયોજિત આ યાત્રાને રાજકીય વિશ્લેષકો ભાજપ હાઇકમાન્ડ પર મંત્રીપદ મેળવવા માટેનું 'પ્રેશર પોલિટિક્સ' માની રહ્યા છે. ભાજપમાં જોડાયા પછી અપેક્ષિત કામો ન થઈ શક્યાનો અફસોસ વ્યક્ત કરતાં તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ સમાજના હિત માટે દરેક પડકારોનો સામનો કરવા તૈયાર છે.

સુરતના મોટા વરાછામાં 'રિવર વ્યૂ હાઈટ્સ'ના ૧૨મા માળે આગ: ૮ લોકોનું રેસ્ક્યૂ


સુરત,તા.૦૮



સુરતના મોટા વરાછા સ્થિત 'રિવર વ્યુ હાઈટ્સ' બિલ્ડિંગના ૧૨મા માળે આવેલા એક ફ્લેટમાં અચાનક વિકરાળ આગ ફાટી નીકળી હતી. આ બિલ્ડિંગના પ્રથમ માળે રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાનું નિવાસસ્થાન આવેલું છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ૧૫થી વધુ ગાડીઓ સ્થળ પર દોડી ગઈ હતી. કાળા ડિબાંગ ધુમાડા વચ્ચે ફાયર ફાઇટર્સે હાઇડ્રોલિક પ્લેટફોર્મની મદદથી ૧૦૦ વર્ષીય વૃધ્ધા અને બાળકો સહિત ૮ લોકોને સહીસલામત બહાર કાઢ્યા હતા. બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ છે. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

દિવાળી પર્વેમાં અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં AQI ૧૫૯ પર પહોંચ્યો

અમદાવાદ,તા.૦૮




દિવાળીના તહેવારો પહેલાં જ અમદાવાદ શહેરમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ ચિંતાજનક બની છે. કાળી ચૌદશના દિવસે શહેરના નિકોલ અને જજિસ બંગલો વિસ્તારમાં સૌથી વધુ ૧૫૯ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) નોંધાયો હતો. આ ઉપરાંત મણિનગરમાં ૧૫૭, જ્યારે ચાંદખેડા, રખિયાલ અને નારણપુરા જેવા વિસ્તારોમાં પણ AQI ૧૫૦ને પાર પહોંચી ગયો છે.

ઔદ્યોગિક એકમોમાંથી નીકળતો ધુમાડો, વાહનોનું પ્રદૂષણ, બાંધકામની ધૂળ અને પીરાણા ડમ્પિંગ સાઈટનો ધુમાડો હવા બગાડવા માટેના મુખ્ય કારણો માનવામાં આવે છે.

હવાની ગુણવત્તા કથળતાં શ્વાસની બીમારી ધરાવતા દર્દીઓ, બાળકો અને વૃધ્ધોના આરોગ્ય પર જોખમ વધી ગયું છે. તબીબોએ આવી સ્થિતિમાં માસ્ક પહેરવા અને બિનજરૂરી બહાર ન નીકળવાની સલાહ આપી છે. દિવાળીમાં ફટાકડાના ધુમાડાને કારણે પ્રદૂષણ હજુ વધવાની આશંકા છે.

જાપાનમાં ૫.૭ તીવ્રતાનો ભૂકંપનો આંચકો: ૨૨ થી વધુ લોકો ઘાયલ

ટોક્યો,તા.૦૮



જાપાનમાં શિઝુઓકા પ્રીફેક્ચરમાં જમીનથી ૪૦ કિલોમીટર ઊંડાઈએ આવેલા ૫.૭ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપના આંચકાથી વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી.

આ કુદરતી આફતમાં સીડી પરથી પડી જવાના કારણે અને અન્ય અકસ્માતોમાં ઓછામાં ઓછા ૨૨ લોકો ઘાયલ થયા છે.

ભૂકંપની મુખ્ય અસર આઇચી, યામાનાશી, ગિફુ તેમજ ક્યોટો અને નારા પ્રીફેક્ચરમાં અનુભવાઈ હતી. ભૂકંપના આંચકા એટલા તીવ્ર હતા કે દુકાનોની બારીઓના કાચ તૂટીને રસ્તા પર વિખરાઈ ગયા હતા અને બુકસ્ટોરની છાજલીઓમાંથી પુસ્તકો નીચે પડી ગયા હતા.

સાવચેતીના પગલે વિસ્તારમાં શિંકનસેન બુલેટ ટ્રેનોની ગતિ ધીમી કરવામાં આવી હતી. નોંધનીય છે કે ભૌગોલિક સ્થિતિના કારણે જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપ સંવેદનશીલ દેશો પૈકીનો એક છે. ભૂકંપ બાદ અનેક નાના આફ્ટરશોક્સ પણ અનુભવાયા હતા.

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

॥ જય ઠાકરધણી ॥

જય ગોપાલ કૃપા

ઓલ ટાઈપ ઓફ પેન્ટીંગ કલર એન્ડ સ્ક્રેફોડીંગ કામ

N.C.C.L. JAFRABAD-U.T.C.L. T.P.P. KOVAYA

શ્રી ભીમજીભાઈ બી. જાદવ મો.૯૭૨૩૫ ૫૫૦૪૧
શ્રી કે.ડી. મેવાડા, મો.૯૭૨૩૬ ૧૦૧૮૯
શ્રી ખોડુભાઈ બી. જાદવ મો.૯૫૭૪૫ ૫૪૬૩૯

મુ. બાબરકોટ, તા.જાફરાબાદ, જી.અમરેલી.(ગુજરાત)

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું
નવું વર્ષ સર્વોને સુખદાયી નીવડે
અને આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે
અને નૂતન વર્ષ આપના માટે
મંગલમય રહે એવી શુભકામનાઓ.

એસ.કે. કોન્ટ્રાકટર

અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની - કોવાયા

શ્રી મુકેશભાઈ કે. રાજયગુરૂ - શ્રી રમેશભાઈ વી. મકવાણા
શ્રી ચીથરભાઈ ડી. પરમાર - શ્રી જીતેન્દ્રસિંહ પરમાર
શ્રી અશોકભાઈ ડી. પીઠવા - શ્રી રાકેશભાઈ આર. જીંજુવાડીયા
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની - કોવાયા
મુ. કોવાયા, તા.રાજુલા જિ.અમરેલી. (ગુજરાત)

નૂતન વર્ષાભિનંદન શુભ દીપાવલી

દિવાળીનો પ્રકાશ તમારા જીવનને તેજસ્વી બનાવે
અને રંગોળીમાં વધુ રંગોનો ઉમેરો કરે આપ સર્વને
દિવાળી તેમજ નુતન વર્ષની હાર્દિક શુભકામના....

શુભેચ્છક

GOPAL SUPPLIERS	SHREE GOPAL SUPPLIERS	GOPAL TRASPORT
Bhagvanbhai T. Lakhnotra	Bhagvanbhai T. Lakhnotra	Bhagvanbhai T. Lakhnotra
Bhanabhai T. Lakhnotra	Bijalbhai R. Vagh	Bububhai D. Lakhnotra
Lalabhai B. Vagh	Mo. 99040 60124	Sadulbhai J. Vagh
Mo. 99040 60124	Mo. 98245 91503	Mo. 99040 60124
Mo. 98242 23172		Mo. 99040 61152
Mo. 98242 33952	શામળભાઈ - સરપંચ	Mo. 99240 53571

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

BIGS SUPPORT SERVICES PVT LTD

T-12, 3rd Floor, Silicon Shoppers,
Opp. Satyanagar, Udhna Main Road,
Udhna, Surat, Gujarat - 394210
Email: bigs.security@gmail.com
Contact Person: Jitendra Kumar Rathod
Mobile: 9725671094
Telephone: 0261-2278091

ISO 14001:2015 | ISO 9001:2015 | SA 8000:2014 | ISO 45001:2018

નૂતન વર્ષાભિનંદન શુભ દીપાવલી

K B MEHTA CONSTRUCTION PRIVATE LIMITED

ISO-9001/2015 COMPANY

508-509-510, Milestone, Near Drive In Cinema,
Thaltej, Ahmedabad - 380054.
Phone: 079-27497427, 40057437, 27498679
E: kbmcpl@gmail.com/hr@kbmcpl.com/accounts@kbmcpl.com
Website: www.kbmcpl.com CIN: U45201GJ1997PTC032995

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

CPS

શુભેચ્છક

CONTROL PANEL SYSTEMS

ELECTRICAL AND INSTRUMENT PROJECT WORK
WORK OFFICE: GCW KOVAYA PLANT
C/O. UTCL GUJRAT CEMENT WORKS-KOVAYA, Dist-Amreli (Gujarat)
Mo.No. 9977919980, Email ID: infra@controlpanel systems.co.in

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક

શ્રી રાજશક્તિ ટ્રાન્સપોર્ટ

ઓર્થોરાઈઝ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની- કોવાયા

:: બ્રાન્ચ ઓફીસ ::
ગુજરાત સીમેન્ટ વર્કસ, ઓફીસ નં.૧૪, ડીસ્પેચ ગેઈટની બહાર,
મુ. કોવાયા, તા.રાજુલા, જી.અમરેલી. મો. ૯૫૩૭૨૪૬૨૬૧

:: બ્રાન્ચ ઓફીસ કચ્છ ::
હાઈ-બોન્ડ સીમેન્ટ ગેઈટની બહાર, મુ. ગોમતા પાટીયા, પાટીદાર.
મો. ૯૭૧૨૯ ૩૭૨૧૬ - ૯૭૧૨૯ ૩૭૨૧૮

શુભ દીપાવલી

MATASHREE
HOSPITALITY SERVICES

MATA SHREE HOSPITALITY SERVICES

ULTRATECH CEMENT LIMITED
GUEST HOUSE
KOVAYA AMRELI GUJRAT
HEAD OFFICE : ANKLESHAWAR
DISTRICT – BHARUCH GUJRAT

નૂતન વર્ષાભિનંદન શુભ દીપાવલી

VertiGo
Integrated Access Solutions Pvt Ltd
Complete Work At Height Solutions

VertiGo Integrated Access Solutions Pvt Ltd.

38-40-104/2/1, Main Road, Marripalem,
Visakhapatnam, Andhra Pradesh, India-530018.
Mobile: +91-99481 22334
GSTN: 37AAKCV5503A1ZK

શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક

આશાપુરા કેરીયર

ઓર્થોરાઈઝ ટ્રાન્સપોર્ટર
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની - કોવાયા

:: રાજુલા ::
મો.નં. ૯૮૨૪૪ ૮૩૧૩૦ - મો.નં. ૯૯૦૪૪ ૦૩૨૫૧
જાફરાબાદ : ૯૯૨૪૧ ૧૪૨૨૯ - ભુજ : ૯૯૦૯૯ ૮૩૧૨૦
ઓફીસ: નં. ૬, બી-વિન્ગ, કતીરા કોમ્પ્લેક્ષ,
આર.ટી.ઓ. સર્કલ, ભુજ - કચ્છ

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

PG
PRIME GROUP
QUALITY | ACCURACY | PUNCTUALITY

Prime Erector Fabricators Pvt. Ltd.

F-124-D, Road No. 5
Indraprastha Industrial Area,
Kota-324005 (Rajasthan)

શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન

આ પ્રકાશનું પર્વ આપના જીવનમાં સુખ,
શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય લઈને આવે.
દિવાળી અને નૂતન વર્ષની
હાર્દિક શુભકામનાઓ!

HAJEE A P BAVA & CO.
CONSTRUCTIONS PVT. LTD.

Regd. Office: HAPBCO Tower, #31, 9th Main Road, RPC Layout, Vijayanagar, Bangalore - 560104
Phone: +91 80235500022/31/42/52/92. Email: babaap@hapbco.co.in / corporateoffice@hapbco.co.in

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

વૈશાલી એસોશીએટસ

અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડ ઓથો. ટ્રાન્સપોર્ટર
મો. નં. ૯૮૭૯૨ ૦૭૬૦૭
મો. નં. ૯૯૨૫૦ ૦૯૦૬૭
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની
ડીસ્પેચ ગેઈટ કમ્પાઉન્ડ-કોવાયા
મુ. કોવાયા, તા. રાજુલા. જી. અમરેલી.

॥ જય અંબે ॥

SHREE AMBIKA TRANSPORT CO.

Authorised: Transport Contractor, L&T / UltraTech Cement Co. Limited

શુભ દીપાવલી

એવમ્ નૂતન વર્ષાભિનંદનની હાર્દિક શુભેચ્છાઓ

દીપાવલી આએ તો રંગી રંગોલી,
દીપ જલે, ધૂમ ધડ઼ાકા, છોટા પટાખ,
જલી ફુલઝડ़િયાઁ સબ કો ભાયે,
આપ સબ કો દીવાલી કી શુભકામનાએં।
શુભ દીપાવલી।

H.O.: Sutarwad, Bhavnagar
M: 93771 00511, 93771 00400
M: 99241 26533, Tel: 0278-2426531

Works: Rajula Dump, Hindorna (M: 99241 25531)
Works: L&T Cement, Kovaya (Rajula)
(M: 99241 26530 / 32)

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

પટાખોં કી આવાજ સે ગુંજ રહા સંસાર, દીપક કી રોશની ઔર અપનો કા પ્યાર
મુબારક હો આપકો દીપાવલી કા ત્યોહાર... દીપાવલી એવમ્ નૂતન વર્ષ કી ઢેર સારી શુભકામનાએ....

પાર્થ અર્થ મુવર્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની – કોવાયા

શ્રી અરજણભાઈ આર. લાખણોત્રા – કોવાયા
(માજી સરપંચ – કોવાયા)
શ્રી બાબુભાઈ ડી. લાખણોત્રા – કોવાયા
શ્રી રાણાભાઈ એલ. વાઘ – કોવાયા
શ્રી ભગુભાઈ એ. લાખણોત્રા – કોવાયા
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની – કોવાયા
મુ.કોવાયા, તા.રાજુલા, જી.અમરેલી (ગુજરાત)